ભક્તિનો ઉપદેશક

શ્રીમદ્ ભાગવતનો ટુંકામાં સાર કાઢીને

લખનાર તથા પ્રકાશક

ભટ મુગટરામ ગણપતરામ,

મુ. જાદર.

હાલ રહે–મહીકાંઠા, સ્ટેશન જાદર.

અમદાવાદ,

ખાડીયા જેઠાભાઈની પોળમાં આવેલા

પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્કસમાં ઠાકોરલાલ પરશોત્તમરાય

ઠાકોરે છાપ્યું.

આવૃત્તિ ૧ લી   પ્રત ૫૦૦.

સને ૧૯૧૫.

કીંમત બે આના.

ભક્તિનો ઉપદેશક.

ૐ સર્વાત્મને નમઃ—જીવદશા.

જાણે એક જીવ નામનો રાજા છે. જેની મરજીની ખબર ન પડે તેવો તેનો ભાઇબંધ ઇશ્વર છે. તે રાજા પોતાને માટે શહેર ખોળવા નિકળ્યો. તેણે એક નવ દરવાજાવાળી શરીરરૂપ નગરી દીઠી. તેમાં એક બુદ્ધીરૂપી સ્ત્રી હતી. તે સ્ત્રીને દશ ઇંદ્રિયોરૂપ દાસીઓ હતી. તે સ્ત્રીપુરૂપ તેમાં રહ્યાં. તે રાજા એ સ્ત્રી ખાતી ત્યારે ખાતો, પીતી ત્યારે પીતો, બોલતી ત્યારે બોલતો, રોતી ત્યારે રોતો. એમ ગાતો, હસતો, દોડતો, ઉભતો, બેસતો, સાંભળતો, જોતો, સુંઘતો, એવો પોતાનો સારો સ્વભાવ ખોઇ બેઠેલો તે પોતાની ઇચ્છા વગર પણ તે સ્ત્રીની મરજી પ્રમાણે ચાલતો હતો. તે અભીમાનરૂપ ગાડીમાં બેસતો. તે ગાડીને ઇંદ્રિયોરૂપ પાંચ ઘોડા હતા, પુણ્ય પાપરૂપ બે પૈડાં હતાં, માયારૂપ ધરી હતી, મનરૂપ લગામ હતી, હૃદયરૂપ બેસવાની જગ્યા હતી, શોક મોહ બે ધુંસરી હતી. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ પ્રકારનો સામાન ભર્યો હતો. હાથ, પગ, વાણી, ગુદા, ઉપસ્થ એ પાંચ કર્મેંદ્રિયોથી તે ગાડી ચાલતી હતી. હું કર્તા ભોક્તારૂપ ધનુષ્ય બાણ હતાં. તે રાજા નિયમ પ્રમાણે ન ચાલતાં દયાળુઓથી સહન ન થાય તેવાં કામ કરવા લાગ્યો. પોતાનું ખરૂં સ્વરૂપ જે ઇશ્વર તેને તે ભુલી ગયો. ઘણી જાતનાં કામરૂપ દીકરા ને દિકરીઓ

તેને થઇ. તેમાં પોતાનું કલ્યાણ થાય તે કામ ભૂલી ગયો, ને જેને રાત દિવસરૂપ સ્ત્રીપુરૂષોવાળી અડધી કાળી ને અડધી ધોળી ફોજ હતી તેવા કાળ યવનની સાથે સો વરસ લડયો અને તેની ઘડપણ અવસ્થા નામની દીકરીને પરણ્યો. છેવટે તે દુશ્મનના આગેવાન અનેક રોગમાંથી તાવ નામના સેનાપતીએ તેની નગરીરૂપ શરીર બાળવા માંડયું. ત્યારે પોતાની મરજી ન છતાં પણ તે નગર, કુટુંબ, ઘર વગેરે છોડીને રોવા લાગ્યો કે આ બાળ બચ્ચાંવાળી મારી બુદ્ધીરૂપ સ્ત્રી શી રીતે જીવશે. તે વખતે પણ પોતાનો મીત્ર ઇશ્વિર સાંભર્યો નહિ. તેણે જેને જેને દુખ દીધું હતું તે ભોગવવા નિચા અવતારોમાં ઘણાં વરસ રહ્યો. ત્યાં પણ પોતાની બુદ્ધીરૂપ સ્ત્રીમાં મન લાગેલું તેથી પછી સ્ત્રીનો અવતાર થયો. તે બુદ્ધીસાગર નામના પુરૂષને પરણવાથી તેને ભક્તિરૂપ દિકરી તથા ધર્મરૂપ પુત્ર થયો. પછી પુરૂષ વનમાં જઇ સંન્યાસીના ધર્મ પાળવા લાગ્યો. ત્યાં સ્ત્રી પણ સાથે ગઇ. પરમાત્મામાં મન મેળવી દેતાં પોતાનો ધણી મુક્તી પામ્યો ત્યારે બુદ્ધીરૂપ સ્ત્રી રોવા લાગી. ત્યાં ઇશ્વરરૂપ જુના જ્ઞાનવાળા ભાઇબંધે આવી કહ્યું કે હું તારો મીત્ર છું. સૃષ્ટીની પહેલાં આપણે ભેગા સુખ ભોગવતા હતા. આપણે હજારો વરસ સુધી ઘર વગરના રહ્યા હતા. મને મુકી દઇ પૃથ્વી ઉપરના સુખની લાલચથી માયારૂપ સ્ત્રીએ બનાવેલું શહેર તારા જોવામાં આવતાં તેની સાથે તું રમવા લાગી ને પોતાનું સ્વરૂપ ભૂલી ગઇ. તેથી તારી આ દશા થઇ. તું સ્ત્રી નથી ને આ તારો ધણી નથી. તું આ પહેલાંના અવતારમાં પોતાને પુરૂષ માનતો હતો ને આ અવતારમાં સ્ત્રી માને છે એ સાચું નથી. એ તો મારી બનાવેલી માયા છે. આપણું બંનેનું ખરૂં રૂપ સાંભળ. જે હું છું તેજ તું છે. તું કોઈ બીજો નથી ને તું છે તેજ હું છું. તારા શરીરનો પડછાયો દરપણમાં મોટો દેખાય છે ને

બીજાની આંખમાં નાનો દેખાય છે તેમ મારો પડછાયો આ જગતમાં છે તેથી હું મોટો છું ને તારો આ શરીરમાં પડવાથી તું નાનો દેખાય છે. તારા શરીરના અજ્ઞાનથી આપણાં કામની જુદાઇ થઇ છે. દરપણ ને આંખમાં શરીર એક જ છે પણ મોટું નાનું દેખાય છે તેમ તારી શરીરની ઉપાધી ને મારી માયાની ઉપાધી ન હોય તો આપણે એકજ થઇએ. તું અજ્ઞાન ને હું સર્વજ્ઞ છું. તે પણ ઉપાધીની કલ્પના છે. આત્મા અજન્મા છે, પણ શરીરમાં ને સંસારમાં લાગીને સારાં કામ કરી સારા જ્ઞાનવાળા અવતાર પામે છે ને ખોટાં કામથી દુખી ને અજ્ઞાની અવતાર ધરે છે. જેમ કુતરાને કોઇ ઠેકાણે ખાવાનું ને કોઇ ઠેકાણે લાકડી મળે છે તેમ ભાતભાતના અવતારોમાં ભટકે છે. લાકડાનાં પુતળાં પેઠે પ્રાણીઓ ઇશ્વરાધિન છે. એક પ્રાણી પાસે બીજાને સરજાવે છે ને મરાવે છે. તે કુદરત ઇશ્વરની છે. નદીમાં રેતી ભેગી થાય છે ને જુદી પડે છે તેમ પ્રાણીઓનું થાય છે. તેથી પહેલાંના જન્મોમાં, આ જન્મમાં ને હવેના જન્મોમાં પીતા, પુત્ર, સ્ત્રી, શત્રુ એવી ઓળખાણ રહેતી નથી. એક બીજમાંથી બીજાં બીજ ઉપજે છે, કે ન ઉપજતાં નાશ પામે છે. તેમ થાય છે, તથા નાણું વગેરે વચવા લેવાની ચીજો તેની તે ચારેકોર ફરે છે. તેમ જીવ, દેવ, માણસ, પશુ, પંખી વગેરેમાં ફરે છે. રાજા કે નૌકરપણું અચળ નથી ને વ્યવહાર વીના રાજા કે તાબેદારનો ભેદ નથી. ચંદ્રનું તેજ વારંવાર વધઘટ ને નાશ પામે છે તેમ શરીરોની વધઘટ ને નાશ થાય છે. તેમાં અવસ્થા, તેજ, બળ, ચતુરાઇ એ નદીના પાણીની પેઠે બદલાયા કરે છે અને ઝાડનાં પાંદડાં ને ફળ પેઠે જગતમાંનાં શરીરો મરી જાય છે. તેની જગોએ બીજાં પેદા થાય છે. જગત થતું જાય છે ને મરતું જાય છે. ઘણાં શરીરો વડે વારંવાર ભોગવેલાનેજ ભોગવ્યાં કરે છે ને દેહ હું છું એમ

જાણી બહારના ને અંદરના સુખાદિને જાણે છે. મન, બુદ્ધી, ઇંદ્રિયો, હરખ, શોક, ભય, સુખ, દુખ એ શરીરની વાસનાઓ તથા કરેલાં કામનાં ફળ મરી ગયા પછી મટતાં નથી. સ્વપ્ન પેઠે અવતાર ધરીને ભોગવે છે. ઉંઘતો માણસ સ્વપ્નાની દશાને જાણે છે પણ જાગૃતની દશાને કે તે પહેલાંના સ્વપ્નાની વાતને જાણી શકતો નથી. તેમ જન્મમરણ વખતે ભાન રહેતું નથી. તેથી પાછલા જન્મને જાણતો નથી. જે શરીરથી કામ કર્યાં હોય તે શરીરને છોડી દીધા પછી બીજા શરીરથી તે કામનાં ફળ ભોગવે છે કેમકે કરનારપણું ને ભોગવનારપણું શરીરને નથી પણ મનરૂપી સુક્ષ્મ શરીરને છે. તે શરીર જોડે નાશ થતું નથી પણ બીજા દેહમાં જાય છે. તેથી કરનાર તેજ ભોગવનાર છે. જેમ સ્વપ્નું આવીને જે સુખ દુખ થાય છે તેમાં ને જાગતામાં ભોગવનાર આપણે એકજ છીએ તેમ છે. સ્વપ્નામાં પોતાનું માથું ન કપાયા છતાં કપાયલું જુએ તેમ આ માયારૂપ જગતવડે પરમાત્મારૂપ પોતાના આત્મામાં સુખદુખ દેખે છે પણ જાગેલો સ્વપ્નાની ચીજોને પોતાની કહે નહિ તેમ હરખ શોક છોડીને સર્વરૂપ પરમાત્માની પેઠે રહેવું જોઇએ. ભગવાનને ન જાણતો હોય તે સ્વપ્નામાં પોતાને જાગતો માનનારની પેઠે તે સ્વપ્નામાંજ જાગે છે પણ જીવ નિત્ય, પરમાત્મા સાથે એક થવા યોગ્ય, એક થતાં પોતાનું ને પારકું વીનાનો, જ્ઞાનમય, આનંદમય, શાન્તીમય, આત્મારામ, જે સર્વમાં એકરૂપથી રહેલા જગતરૂપ મુર્તીવાળા, મહાત્મા ભગવાનમય બને છે તે સ્વરૂપ સાંભળો.

ॐ એકતા.

ઘણા જીવાત્માઓવાળા આ ગામ જેવાં ઘણાં ગામ મળીને ગુજરાત દેશ કહેવાય છે. તેવા પાંચ ભાગનો મુંબાઈ ઇલાકો ને તેવા પંદર ભાગ મળી હિંદુસ્તાન કહે છે. તેવા પંદર ભાગનો એશીયા ખંડ છે. તેવા પાંચ ખંડવાળી આ પૃથ્વી છે. પૃથ્વી જેવા આશરે નવ ગ્રહરૂપ નવ પૃથ્વીઓ આ એક સુરુજની આસપાસ ફરે છે ને છેટે હોવાથી તારાઓ રૂપે દેખાતા તારા પણ સુરજો છે તે આ સુરજ જેવા છે ને આ સુરજ પેઠે તેમને પૃથ્વીઓ છે. એ તારાઓની પેલીમેર બીજા એવા નવા તારા દેખાય છે. તેથી તેનો પાર નથી એવું હાલના દુરબીન યંત્રવાળાઓને પણ દેખાય છે. ધ્રુવ તારાને વચમાં રાખી તારાઓ ફરે છે. જેમ વાયુ વાદળાંને ઠેલે છે તેમ તેઓ ભમે છે. આ કરોડો ગાઉના વીસ્તારવાળું બ્રહ્માંડ પણ પવનમાં ઉડતા રજકણ બરાબર છે. એવાં કરોડો બ્રહ્માંડો જેના રૂપમાં છે તેમને ભગવાન જાણો ને એ તેજના આધાર, કાળ ચક્રરૂપ ને દેવતાઓના સ્વામી મહાપુરૂષનું ધ્યાન રાખો. વળી આ સુરજનાં ઉતરાયણને દક્ષિણાયન વડે દેવલોકનાં દીવસ ને રાત થાય છે. તેવડાં ત્રણસો સાઠ રાતદિવસનું એક દેવવરસ થાય છે. તેવડાં ચાર હજાર વર્ષનો અહીં સત્યયુગ, ત્રણ હજાર વર્ષનો ત્રેતાયુગ, બે હજાર વર્ષનો દ્વાપરયુગ ને એક હજાર વર્ષનો કલીયુગ થાય છે. એવા ચાર હજાર યુગનો એક બ્રહ્માનો દિવસ થાય છે ને તેવડી રાત થાય છે. આવડા દિવસ ને રાત્રીઓ વડે બ્રહ્માનું સો વર્ષનું આયુષ્ય પુરૂં થતાં તેવડી મહારાત્રી થાય છે. એમ બ્રહ્મદેવ પણ થાય છે ને નાશ પામે છે પણ અનાદી,

અનંત, જગતના આત્મા, માયાવાળા ભગવાનને તો આપણાં આંખનાં મટકાં જેવું લાગે છે, ને આ મહા વખતમાં તેમને કાંઇ અડચણ કે હું મારૂં એવું અભીમાન નથી. મહારાત્રીઓ વખતે ગરમીથી બધું બળી જાય છે. પછી વરસાદથી દશે દિશામાં પાણીમય થઇ રહે છે ને ધરતી પાણીમાં ગળી જાય છે. પછી પાણી તેજરૂપ થઇ જાય છે, પછી તેજ વાયુમાં સમાઇ જાય છે ને વાયુ આકાશરૂપ થાય છે: જેમ આ ઉપર આકાશ રહેલું છે તેમ બધી દિશાઓમાં પાર વગરના રૂપથી ભગવાન યોગનિંદ્રામાં ઉંઘી રહે છે, તે વખતે બીજું કાંઇ જોવામાં કે જાણવામાં આવતું નથી. પછી પોતાની ઇચ્છાથી પોતાનું રૂપ જે બ્રહ્મશક્તિ તેમાંથી આકાશની કલ્પના થાય છે. તેમાંથી વાયુ, તેજ, પાણી ને પૃથ્વી થાય છે. પણ તે કાંઇ કામ કરી શકતાં નથી. તેથી તે પાંચના પાંચ ગુણ જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ તેની પાંચ દ્રિયો જે કાન, ચામડી, આંખ્યો, જીભ ને નાકવાળાં શરીરોની કલ્પના થાય છે ને પોતાનો અંશ જીવ મુકવાથી પોતાની જ્ઞાનશક્તિ ને ક્રિયાશક્તિ વડે ગુરૂ તથા પીતા પ્રભુનાં આપેલાં પોતપોતાનાં કામ તે શરીરો કરવા લાગે છે. હજારો શરીરોવાળો તે પરમાત્માનો જ વંશ ચાલે છે. એવી રીતે જે ટુંકામાં કહી શકાય કે પરમેશ્વરથી આ જગતની ઉત્પત્તી, સ્થીતી ને લય થાય છે. તે ભગવાન મનથી જગતને રચનારા છે. પોતાના મનની કલ્પનાથી અને પોતાના અંશરૂપ જીવોથી આ જગતમાં પેઠેલા છે. શરીરોરૂપી ઘર પંચભૂત (પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ).રૂપ માટીનાં છે. સર્વ ચીજોમાં પંચભૂત છે, ને પંચભૂતની સર્વ ચીજો છે, તેમ સર્વેમાં પરમાત્મા ને પરમાત્મામાં સર્વે છે. જેમ કરોળીયો શરીરમાંથી લાળના તાંતણા કાઢીને જાળું ગુંથે છે, રમે છે ને પછી ગળી જાય છે તેમ ઇશ્વર પોતાના

આત્મસ્વરૂપમાંથી જગતને બનાવે છે ને છેવટે ગળી જાય છે, તથા અજવાળું આપનાર વ્યાપક દેવતા લાકડાંમાં ઉપજે છે, નાનો મોટો ને ઘણાં રૂપવાળો દેખાય છે ને નાશ પામે છે તેમ પોતાની માયા જુદી જુદી જાતની દેખાડે છે પણ એક જ વસ્તુની બનેલી છે. પૃથ્વીની માટીની ચીજો, વાસણો વગેરે ભાગી ઘસાઇને પોચાં થઇ માટીમાં જ મળી જાય છે તેમ સર્વે પરમાત્મામાંથી ઉત્પન્ન થઇ તેમાંજ મળી જાય છે. દરીયાના ઘણા પાણીમાં કુંડાળાં, પરપોટા, ફેણ ને બરફ થાય છે, તે બધું પાણીજ છે તેમ સર્વે રૂપવાળા પરમાત્મા જ છે. આ બધું જગત બીજા કશાથી થયું નથી, જેમાંથી જગત નીકળે છે, જેનું બને છે, જેનાથી બને છે, જેને સારૂ થાય છે, પાલન થાય છે, પાળે છે, જે થઇ ગયું છે, થાય છે ને થશે તે તમામ એક પરમાત્મા બ્રહ્મ છે, બધું ભગવાનના શરીર રૂપ છે, ને શરીર બહાર પણ તેમનોજ પ્રકાશ છે. પોતે નિર્ગુણ છતાં ઘણા ગુણવાળા શરીરરૂપ જગતને ધરે છે. પોતે પોતાને વીષે પોતાવડે સરજે, પાળે ને સંહારે છે. સુરજને તડકો તથા પૃથ્વીને તેની વસ્તુઓ પેઠે ઇશ્વરને જગત એક જ છે. આકાશ, વાયુ, તેજ, પાણી, પૃથ્વી ને પ્રાણીઓ વગેરે સર્વે ભગવાનનું શરીર છે. જીવોની જ્ઞાનેંદ્રિયો ને કર્મેંદ્રિયો એ પુરૂષની ઇંદ્રિયોથી થઇ છે. જેમ કાન દાબતાં જે અવાજ સંભળાય છે, તે આ બોલાતી ભાષાના બીજરૂપ છે, તેમ કામ કરવું, ચાલવું, સુંઘવું, ચાખવું, જોવું, સાંભળવું, વીચારવું, અભીમાન, જ્ઞાન, મન વગેરે ગુણ સર્વાત્મક પરમાત્મામાં અતી ઝીણા રૂપે રહેલા તે ઘણા મોટા રૂપે દેખાય છે. જેમ બીજનું ઝાડ થાય છે તેમ ઇશ્વરજ પોતાની શક્તિથી ઘણી સૃષ્ટી રૂપે થયા છે, તેથી જે ઇશ્વર છે તેજ જગત છે. કેટલાક સાકાર કહે છે ને કોઇ નિરાકાર કહે છે, પણ જેમ માણસ પોતાના

માથું, પગ વગેરે અવયવોમાં પારકું ગણુતો નથી તેમ જે જે કામને ઘટે તેવાં રૂપ થાય તે એ એકજ છતાં પોતાની ઘણા ગુણવાળી જગતની મૂર્તીમાં જુદા જુદા જણાય છે. પણ સોનાની ઇચ્છાવાળા લોકો સોનાના દાગીનાને છોડી દેતા નથી તેમ પરમાત્માની ઇચ્છાવાળાઓ જગતને જુદું જાણતા નથી. આત્મામાં દેહના ગુણ છે, નહિં તો આત્મા નિત્યમુક્ત એકજ છે. શરીરો ફરવાથી આત્મા ફરતો જણાય છે. પણ જેમ પાણીમાં ઝાડનો પડછાયો હાલે છે ને ફુંદડીમાં ધરતી ફરે છે તેમ અચળ આત્મામાં ફક્ત શરીરો વડેજ એ ભ્રમણ થાય છે. જેમ માછલાં પાણી વડે જીવે છે તેમ પ્રાણીઓના આત્મા ભગવાન છે. બ્રહ્માદિ દેવ પણ ભગવાનનાં રૂપ છે કેમકે પગ, પથરા, ઇંટ કે માટીપર મુકીએ તે પૃથ્વીપર નં મુકેલા કહેવાય નહિં. આદી, મધ્યને અંતમાં પરમાત્મા છે તે આદા, મધ્ય ને અંત વગરના છે. હું આ ઇશ્વરના રૂપમાં સમાઇ ગયેલો તે રૂપ છું. મારૂં જુદું કાંઇ નથી. મારૂં, તમારૂં અને સર્વ જગતનું ખરૂં રૂપ તે આ શ્રી ભગવાનની મુર્તીરૂપ છે. એવા જ્ઞાન વડે પોતાના આત્મામાં સર્વ લોકને દેખે. સર્વમાં હું છું ને મારામાં સર્વ છે. હું સર્વમાં છું ને સર્વ મારામાં છે. હું જગતમાં વ્યાપી રહ્યો છું ને જગત મારામાં વ્યાપી રહ્યું છે તથા બંનેમાં પરમાત્મા વ્યાપી રહ્યા છે. તેથી સર્વ લોકમાં પ્રભુને દેખે કેમકે હું ને જગત કલ્પીત છીએ. તેથી એક જ બ્રહ્મ પરમાત્મા છે. એક ભક્તને કોઇએ પુછ્યું કે તમે કોણ છો? તેણે કહ્યું કે તમે આત્માને પુછો છો કે શરીરને. આત્માને પુછ્યું હોય તો સર્વનો આત્મા એક છે ને શરીરને પુછ્યું હોય તો બધાં શરીર પંચભૂતનાં હોવાથી સમાન છે. તમે મન, વચન ને ઇંદ્રિયોથી જે જાણો છો તે મારા સર્વાત્મક બ્રહ્મરૂપમાં સોંપી દો એટલે તમારો આત્મા

પણ પરમાત્મા રૂપે થશો. દેહ છું એ ભાન છોડીને ઇશ્વરરૂપ સર્વ છું એ જ્ઞાનનો નિશ્ચય કરો. સારૂંખોટું, ગુણદોષ, શુદ્ધઅશુદ્ધ ને યોગ્ય-અયોગ્યની વ્યવસ્થા તો સંસાર સારી રીતે ચલાવવા માટે છે. તે પણ પાળવી જોઇએ.

ૐ મુર્તિ.

બ્રહ્માંડરૂપ શરીરવાળા ભગવાનના પગથી તે સાથળ સુધીમાં અતળ, વીતળ, સુતળ, તળાતળ, રસાતળ ને પાતાળના લોકો છે. દુંટી નીચે આ પૃથ્વી એટલે ભૂલોક છે, તે ઉપર ભૂવર્લોક છે, છાતીએ સ્વર્ગ લોક, ગળે મહર્લોક, મુખે જનલોક, કપાળે તપલોક, ને માથે સત્ય. લોક છે, દેવ એ હાથ છે, દિશાઓ કાન છે, સુર્યચંદ્ર આંખો છે. પાંપણો રાત દિવસ છે, વાયુ તે શ્વાસ, શબ્દ તે સાદ, ગંધ તે નાક, અગ્ની તે મુખ, પર્વતો તે હાડકાં, નદીઓ તે નાડીઓ, વરસાદ તે વીર્ય, ઝાડ તે વાળ, વખતરૂપ ચાલવાનું, વેદશાસ્ત્ર રૂપ મન, ને આ સંસાર તે રમત રૂપ છે. જુદાં જુદાં રૂપવાળા એ પોતે એકજ છે. તેમના શરીરની બહાર કાંઈ નથી. સૌ જાણુતા હશો કે ભગવાનના અવતાર શ્રી કૃષ્ણજીએ બાળપણમાં માટી ખાતાં માતા જશોદાજીએ મોઢામાં જોયું તો બધું જગત આકાશ, પૃથ્વીઓ, સ્વર્ગ, વાયુ, સુર્ય, ચંદ્ર, વીજળી, તારા, સમુદ્રો, પર્વતો, વન, નદીઓ, પ્રાણીઓ ને પોતાનું ગામ પણ દીઠું હતું તથા તે-મણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પોતાનું સર્વ વિશ્વરૂપ અરજુનને દીવ્ય આંખ્યોથી દેખાડ્યું છે ને કહ્યું છે કે પંચભૂતની બહાર ને અંદર હુંજ

સર્વ રૂપ છું. તેથી સર્વ દેહમાં પણ છું. હું કઇ કઇ વસ્તુઓમાં વધારે છું તે સાંભળ—હું સર્વ વસ્તુઓ રૂપ, ઉપજાવનાર, પાલન કરનાર, નાશ કરનાર, આત્મા, મીત્ર, ઇશ્વર, ફેરફાર કરનાર ને સમતાવાળી સૃષ્ટી હું છું. મોટાઓમાં હું, ઝીણાઓમાં જીવ, જીતાય ન એવાઓમાં મન, વેદ જાણનારમાં બ્રહ્મા, મંત્રમાં ૐકાર, અક્ષરમાં અ, દેવમાં મેઘરાજા, રાજાઓમાં રામ, પ્રકાશમાં સુર્ય, નક્ષત્રોમાં ચંદ્ર ને પંખીઓમાં ગરૂડ હું છું. માણસોમાં રાજા, ધાતુઓમાં સોનું, પશુમાં સિંહ, વર્ણમાં બ્રાહ્મણ, આશ્રમમાં સંન્યાસ, પ્રવાહમાં ગંગા, સ્થીર જળમાં સમુદ્ર, ઝાડમાં પીંપળો, યજ્ઞમાં બ્રહ્મયજ્ઞ, વ્રતમાં અહિંસા, શીક્ષા કરનારમાં યમ, યોગમાં સમાધી, ડહાપણમાં બ્રહ્મવીદ્યા, દાનમાં અભયદાન, સ્ત્રીઓમાં કીર્તી, લક્ષ્મી, બુદ્ધી, ધીરજ, ક્ષમા, વાણી ને યાદશક્તિ; શુદ્ધ કરનારમાં વાયુ, અગ્ની, જળ, ને ભક્તનાં વચન; નિર્ભય સ્થાનમાં બ્રહ્મનિષ્ઠા, નિયમીતમાં રૂતુઓ, યુગમાં સત્યયુગ, દુધ દેનારમાં ગાય, ઉદ્યોગીમાં લક્ષ્મી, બળવાનોમાં બળ, ભક્તિથી કરેલું કામ, પૃથ્વીઓની સ્થીરતા, પૃથ્વીમાં ગંધ, જળમાં રસ, ઇંદ્રિયોની શક્તિઓ, ગુણ, સૌની ગણત્રી, જ્ઞાન, જીવ, ઈશ્વર ને સર્વ રૂપ હું છું. મારા વગરની કોઇ ઠેકાણે બીજી ચીજ નથી. બધું મારૂં રૂપ છે. મારાથી પૃથ્વીના કાંકરા ગણી શકાય પણ મારાં રૂપ જે આ પાર વીનાનાં બ્રહ્માંડો તેની ગણત્રી કરાય એટલાં નથી, તો તેમાંની નવાઇની વસ્તુઓ તો શી રીતે ગણી શકાય? વળી માર્કંડેય રૂષીને ભક્તિથી ભગવાને દર્શન દીધાં ને કહ્યું કે જે ઇચ્છા હોય તે માગો. ત્યારે તેમનું સર્વરૂપ જોવાનું માગ્યું ને ભક્તિ માગી. તેથી એક દિવસ તે નદી કીનારે બેશીને ભગવાનનું ધ્યાન ધરતા હતા ત્યાં દરીયાનું પાણી ચારે કોરથી ઉભરાઇ આવ્યું. તેથી જાણે પૃથ્વી, સુરજ, તારા-

ઓ ને બધું ડુબી ગયું ને પાણીજ પાણી થઇ રહ્યું. તેથી આંધળા જેવા તેમાં ફર્યા ને જાણે ઘણાં વરસ જતાં રહ્યાં. પછી ભગવાનની સુંદર તેજસ્વી મૂર્તીએ તેમાં દર્શન દીધાં ત્યારે ખુશી થઇ પાસે ગયા તો તે બાળકના મોઢામાં જેમ માંખ પેસે તેમ તેમના શ્વાસથી અંદર પેશી ગયા તો તેમનામાં આકાશ, સ્વર્ગ, પૃથ્વીઓ, તારા, સમુદ્ર, પર્વતો, વન, નદીઓ, શહેર, ને બધી વસ્તુઓ દીઠી. પાછા શ્વાસથી બહાર આવ્યા. ભગવાને હશીને તેમની સામુ જોયું તો જ્ઞાન થયું કે મનથી સૃષ્ટી બનાવીને તેમાં આત્માઓથી પેશીને તેમનાથી કરાતાં કામ કરનાર, એક જ સર્વાત્મક મહાપુરૂષ, સર્વના ગુરૂ ને સર્વ રૂપથી રહેલા છો ને જે જોઇએ તે આપનારા, સારા ગુણવાળા, સર્વ જાણનાર ને સર્વ શક્તિવાળા છો. પછી એ દેખાતું મટી જઇને હતું તેમ થઈ ગયું હતું. આથી સમજવાનું કે પુસ્તકોમાં ઘણું ઘણું કહેલું છે તથા ભગવાને ભક્તોને જ્ઞાન આપ્યું છે ને નજરે બતાવ્યાના પણ ઘણા દાખલા છે કે જગત છે એજ ભગવાનની મોટી મુર્તી, ભગવાનનું શરીર ને ભગવાનનું સ્વરૂપ છે. તેનું પોતપોતાના ધર્મમાં કહ્યા પ્રમાણે ભગવાનની મુર્તીનું સ્વરૂપ ધારવું કેમકે સર્વરૂપ એ એક જ ભગવાન છે. રામ, કૃષ્ણ, મહાદેવ, માતા, તીર્થંકર, અલ્લા, ઇસુ એવાં સર્વ નામ પણ એ એક જ ભગવાનનાં છે અને તેમને ઉત્પન્ન કરનાર આ સ્વરૂપ છે. માટે સર્વ સૃષ્ટી રૂપ મુર્તી એજ ખરેખરી ને પુરેપુરી પુર્ણમુર્તી છે. આવા શુદ્ધ જ્ઞાનની જરૂર છે. સાચા જ્ઞાન પ્રમાણે ભક્તી થાય તો સૌને સરખું ને સારૂં જ ફળ મળે છે.

ૐ ધ્યાન.

સર્વાત્મક ભગવાનનાં સર્વ બ્રહ્માંડરૂપ મોટા શરીરનું પુજન ને ધ્યાન થવા માટે નાની મુર્તીમાં કલ્પના સમજવાની છે કે મુગટ તે બ્રહ્મલોક છે, કુંડળ તે ભક્તિ ને યોગ છે, ગદા તે બળરૂપ છે, શંખ તે જળ, ચક્ર તે સુર્યપ્રકાશ, તરવાર તે વાયુ, ને ઢાલ તે આકાશ છે, વસ્ત્ર તે વેદ છે, જનોઇ તે ૐકાર છે, માળા તે ઘણા ગુણવાળી માયા છે, મણી તે ભગવાનમાંનું તેજ છે, આસન તે ધર્મ જ્ઞાનવાળા સારા ગુણ છે. શેષનાગનું આસન તે અનંત—અપારંરૂપ છે. ધનુષ્ય તે વખત છે ને બાણ તે તેનાં કામ છે. વાહન તે સર્વનાં મન છે. વાહનનું શરીર તે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ છે. પુજનનું ઠેકાણું તે સુરજ મંડળ છે. ચમર તે જશ છે. કમળ તે જ્ઞાન, બળ, ઐશ્વર્ય, વીર્ય, ને તેજની શક્તિરૂપ પાંખડીઓવાળું છે. પાસેના માણસો તે સિદ્ધીઓ છે, ને મંત્ર તે આપણી યોગ્યતા છે. એવા શરીરથી આખા બ્રહ્માંડને ધરી રહેલા છે. તેમનું ધ્યાન કરવા માટે બહુ ઉંચા નીચા નહિ એવા ઉન કે દર્ભના આસનપર સિદ્ધાસન, પદ્માસન કે શરીરને અડચણ ન થાય તેમ સીધા બેશીને આંખ્યો મીંચી જમણે હાથે નાક ઝાલવું. પછી જમણા નાકેથી વાયુ ખેંચવો. ખેંચવામાં જેટલી વાર થઇ હોય તેના કરતાં આશરે ત્રણ ચારગણા વખત સુધી પુરી મુકવો. તેને બમણા વખતમાં ડાબા નાકેથી ધીરેથી બહાર કાઢવો ને ફરી ડાબાથી જમણા તરફ કરવું. એવા દશ દશ અથવા થોડા પ્રાણાયામ સવાર, બપોર ને સાંજના અથવા ગમે ત્યારે જેવા બને તેવા કરવા. તેથી શ્વાસ તથા મનના વિચારો પરમાત્મામાં શાન્ત થશે. નજર

નાકપર, હાથ સાથળપર ને આંખો અડધી ઉઘાડી રાખવી અને આપણું હૃદય વગર ઉઘડેલા ફુલ જેવું નીચા મોઢાનું છે તે ઉંચા મોઢાનું, કમળ ફુલ જેવું ને ઉઘડેલું પરમાત્માની વચ્ચે ધારીને તેપર સુર્ય ચંદ્રનું તેજ ધારવું. તેમાં ભગવાનનું રૂપ જાણે કાળા મેઘ જેવા સ્યામ શરીરવાળા, સોના જેવાં પીળાં વસ્ત્ર, શાન્ત સુંદર ને પ્રસન્ન મુખ, ચાર લાંબા હાથે શંખ, ચક્ર, ગદા, ને કમળ, માથે ઘણા સારા મણીવાળો તેજસ્વી મુગટ, સારા ગાલ પાસે કાને ચળકતાં કુંડળ ને વાળ, આંખ્યો સુંદર લાંબી, કોટે મણી ને કમળફુલની માળા, છાતીએ લક્ષ્મીજી રહેલાં છે અથવા પાસે બેઠેલાં છે એવા, ઝાંઝરથી શોભતા પગ, કડાં, કંદોરો વગેરેથી સંપુર્ણ શણગારેલા, માયા, લક્ષ્મી, સિદ્ધીઓ ને કિર્તી વગેરે સેવામાં છે એવા, બાળક, જુવાન કે વૃદ્ધ જેવા, બેઠેલા, સુતેલા કે ઉભેલા, પવીત્ર જશવાળા, ભક્તોપર વધારે દયાળુ, પાપ મટાડનાર, જ્ઞાન દેનાર, આનંદ આપનાર, સર્વ ઠેકાણે રહેલા, મોટી શક્તિવાળા, પુરૂષોત્તમ ભગવાનને ધારવા, એવા અથવા મનગમતા પ્રભુનું ધ્યાન કરતાં ઇંદ્રિયો અને સાંસારીક વીચારો છોડી દઇને, દેહનું ને વિચારોનું ભાન ન રહે ને આનંદનાં આંસુ આવે, તેવું મન અકેક અંગમાં જોડીને ધ્યાન કરવું. પછી એવા એક જ, સર્વાત્મા, બ્રહ્મરૂપમાં રહેવું ને કાંઇ વિચારવું નહિં, એવી સમબુદ્ધી ધરીને પોતાને ન જોતાં તેજમાં તેજની પેઠે સંપુર્ણ ધ્યાન રાખે ને એવા મોક્ષરૂપને દેખે. આંખે દેખાતામાંથી છુટીને એવા બ્રહ્મને બ્રહ્માંડનાં પંચભૂતાદિરૂપે રહે એવા ધ્યાનનો અભ્યાસ કરતાં કરતાં યોગ્યતા પ્રમાણે સિદ્ધીઓ એટલે ભગવાનની શક્તિઓ મળે છે. સંસાર વ્યવહારનાં બધાં કામ કરતી વખતે પણ આવું ધ્યાન રાખેથી તેવું જ ફળ થાય છે.

૭. ધ્યાનનું ફળ.

આ પ્રમાણે ધ્યાનમાં રહીને મહતત્વ, આકાશ, વાયુ, તેજ, પાણી, પૃથ્વીવાળા મોટા રૂપનો આકાર પોતાના મનને આપીને તેવા પરમાત્માના સ્વરૂપમાં રહે તે મોટું શરીર ધરવાની સિદ્ધી પામે. પૃથ્વી, પાણી, તેજ ને વાયુના ઝીણા કણુવાળા પ્રભુના રૂપમાં ધ્યાન રહેવાથી તે કણુ જેવડા થવાની શક્તિ પામે છે. મનને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધની ઇંદ્રિયોને સર્વાત્મરૂપે ધારીને ઇશ્વરમાં રહેવાથી સર્વની ઇંદ્રિયોપર દેવ થઈ શકશે. આ સઘ્ઘી રૂપની સર્વાત્મામાં મનથી એકતા કરે તે સર્વનું દુખ જાણનાર થાય. આ માયામાં પ્રેરણા કરનાર ભગવાન ભજવાથી તે બીજાઓમાં બુદ્ધી ચલાવવાની શક્તિ પામે છે. ઐશ્વર્ય, ધર્મ, જશ, લક્ષ્મી, જ્ઞાન, ને વૈરાગ્ય એ છ ભગવાળા ભગવાન ભજવાથી સુખ ભોગની ઇચ્છાઓ પુરી થાય. પરમેશ્વર નિર્ગુણ છે તેમાં મન રાખવાથી જે જે સુખની ઇચ્છા હોય તે પામીને ઇચ્છા વગરનો થાય છે. સારા ગુણુવાળા ધર્મમય પરમાત્મા છે તેમ પોતે રહેવાથી દેવલોકમાં સુખ ભોગવવાનું પામે. આકાશ જેવા સર્વ રૂપમાં અવાજનું ધ્યાન રાખનાર સર્વ પ્રાણીઓની બોલી સાંભળવાની સિદ્ધી પામે. આંખ્યોમાં સુર્ય ને સુર્યમાં આંખ્યો ધારી તેમાં પરમાત્માને ધારવાથી જગતને દેખનાર થાય. શરીરના વાયુને પ્રભુમાં મેળવી સ્થીર કરવાથી જ્યાં મન જાય ત્યાં શરીર જવાની સિદ્ધી મેળવે. પ્રભુ ઘણા આકારવાળા છે, તેમાં મન રાખવાથી દેવાદિ મનગમતો આકાર પામી શકે. પારકા શરીરમાં આત્માનું ધ્યાન કરીને પોતાનું શરીર છોડી વાયુ રૂપે બીજા શરીરમાં પેશી શકે. ભગવાન સત્ય સંકલ્પવાળા

છે. તેમાં ધ્યાન રાખવાથી જેવી કલ્પના કરે તેવું પામે છે, એટલે જેવું થવા ધારે તેવું ભોગવે છે. સર્વને વશ રાખનાર ઇશ્વર છે. તેમની આજ્ઞા પેઠે તેવો સ્વભાવ ધ્યાનમાં રાખવાથી તેવી શક્તિવાળો થાય. પ્રભુના અવતારોનું હથીઆર, ધજા, છત્ર, ચમર સાથે ધ્યાન કરે તે જીતનાર થાય. થઇ ગએલી, થતી ને થવાની વાતને જાણનાર ઇશ્વરની ભક્તિથી, તેવું જાણી શકાય ને પારકાના મનને પણ જાણનાર થાય. પરમાત્માને સુરજ, દેવતા, પાણી, ઝેર, કે ભૂખ તરસથી દુખ થતું નથી. તેમ આવા યોગમય શરીરવાળાને દુખ થતું નથી, જેમ જળમાં રહેનારા જીવોનું જળથી મરણ થતું નથી તેમ ઇંદ્રિયો, શ્વાસ ને મનને જીતીને ભગવાનને ભજતાં કોઇ સિદ્ધી મળ્યા વિના રહેતી નથી, કેમકે સિદ્ધીઓ, મોક્ષ, જ્ઞાન, ધર્મ, ઉપદેશ, દાતા ને કારણ સર્વ ભગવાનનું રૂપ છે, પણ તે યોગી તેમાં લાગવાથી ભગવાનને પામતો નથી, કેમકે શુદ્ધ ભક્તિ શીવાય બીજા ઉપાયોથી મોક્ષ મળતો નથી માટે તેમનુંજ ધ્યાન રાખવું જોઇએ.

ૐ પુજન વીધી.

દાતણ સ્નાન સંધ્યાદિ કર્યાં પછી હ્રદયમાં પુજા કરવી હોય તો દેહરૂપ ઘરમાં ૐકાર રૂપ દિવાનો તેમ પરમાત્મા રૂપ ઘરમાં વિશ્વ રૂપ મુર્તીનો એકાકાર કરી ધ્યાન કરતાં માનસીક વસ્તુઓથી મનથી પુજીને ધ્યાન ગુણ ને તેમનાં કામનો પોતામાં આરોપ કરીને તેમના જેવા થઇ જવાનો ભાવ કરવો. સર્વે સુખને મોક્ષ આપનાર, સિદ્ધીઓ રૂપ, પલંગમાં સુર્યમંડળ રૂપ આસનપુર બેઠેલા, દેવાદિથી શોભતા, શ્યામ

સુંદર શરીર, ચાર હાથે શંખ, ચક્ર, ગદા, પદ્મ, પીળાં વસ્ત્ર, લક્ષ્મીજી, વનમાળા, મણી ને મુગટ વગેરેવાળા અથવા પોતાના ધર્મમાં કહેલા સ્વરૂપવાળા, પ્રભુનું ધ્યાન રાખીને નવરાશ પ્રમાણે જપ કરવો. સુર્યમાં ભગવાનના રૂપની ભાવનાથી, વાયુમાં પ્રાણાયામથી, અગ્નીમાં હોમીને, જળમાં તર્પણથી, ને મુર્તિમાં ગંધ, પુષ્પ, ધુપ, દીપ, નૈવેદ્યાદીથી ભગવાનનું પુજન કરવું. તેમજ ઉત્તમ બ્રાહ્મણમાં દાનથી, ભક્તમાં ભાઇ જેવા માનથી, ગાયમાં ઘાસથી, હૃદયમાં ધ્યાનથી, પોતાના આત્મામાં ભોગથી ને સર્વ પ્રાણીઓમાં સરખા ભાવથી ભગવાનનું પુજન કરવું, કેમકે ભગવાન સર્વે જીવ રૂપ છે માટે તેમનું ભુંડું કરી કે અદેખાઇ રાખી મુર્તાિપુજા કરે તો તેનું ફળ તેને મળતું નથી. તેમ ઘણી પુજાવાળો, પણ નિંદા કરનારપર પ્રભુ પ્રસન્ન થતા નથી. પીડા કરવા, ક્રોધથી ને જુદાગરાથી જે ભક્તિ કરે તે ખરાબ છે. સુખ, જશ ને મોટાઇ માટે કરે તે મધ્યમ છે. ને પાપ મટાડવા, સારાં કામ કરવાની શક્તિ દેવાને પ્રભુને પોતાનાં કામ સોંપી પ્રસન્ન કરવા ભક્તિ કરે તે ઉત્તમ છે. પ્રાણીઓને માન આપવું તે ઇશ્વરને માન આપ્યા બરાબર છે. ભગવાનરૂપ જગતના આત્માઓની સેવા થાય તેજ મનુષ્યનો જન્મ, મન, વચન, કાયા ને આયુષ્ય સફળ સમજવાં. સઘળું જગત આત્માઓ માટે છે ને આત્માઓ ઇશ્વરમાં એકાકાર છે તેથી જગતની સેવાથી જ ભગવાનની સેવા થાય છે. માટે જેમ જગતનું રક્ષણ કરવાની ઇચ્છાથી પરમાત્મા અવતાર ધરે છે અથવા કોઇમાં શક્તિ મુકે છે તેમ તેવાં સારાં કામો કરવાં જોઈએ. જે કારણથી સૃષ્ટી ઉપજે છે તે કારણથી પરમાત્મા અવતાર ધરે છે. લોકના કલ્યાણના ઘણા અવતારોમાંના ચોવીશ અવતાર મુખ્ય ગણાય છે. તેમાંનાં મોટાં કામ ગણીએ તો સનકાદી રૂપે અખંડ બ્રહ્મચર્ય પાળી બતાવ્યું, ના-

૨૬ રૂપે ગાયનથી ધર્મનો ઉપદેશ કર્યો, કપીલ રૂપે મોક્ષનું જ્ઞાન આપ્યું, રૂષભદેવજીએ સંન્યાસીનો ધર્મ દેખાડ્યો, પૃથુરાજા થઇને રાજધર્મ જણાવ્યો, ધન્વંતરી વૈદ્ય થયા, મોહીની રૂપે દેવોને અમૃત પાયું, નરસિંહ રૂપે ભક્ત પ્રલ્હાદનું રક્ષણ કર્યું, વામનજીએ પોતાનું મોટું જગત રૂપ દેખાડ્યું, પરશુરામે બ્રહ્મને ન માનનારા રાજાઓને માર્યા, વ્યાસે વેદની ભક્તિ સમજાવી, રામે લોકોને સુધાર્યા, કૃષ્ણજીએ અધર્મીઓને માર્યા ને હવે કલ્કી અવતારથી સતયુગનો સારો ધર્મ ચલાવશે વગેરે કામો કહીએ તો કદી પાર આવે નહિ માટે આથી સમજવાનું છે કે સંસારનાં બધાં કામ સારી રીતે કરવાં અને ભગવાનનું ધ્યાન પણ બધી વખતે રાખવું. ધ્યાન ને ધર્મનાં કામ જોડે કરવાં તેનું નામ ભક્તિ છે માટે ભગવાનનું ધ્યાન રાખીને સંસાર વ્યવહારનાં કામ કરવાનાં છે એવા ધર્મ ને ધ્યાન જોડે રાખવાં.

ૐ ભક્તિનું ફળ.

ઇંદ્રિયોનાં સુખ દુઃખને સંભારવાથી દુઃખ થાય છે ને બુદ્ધી, જ્ઞાન ને પુરૂષાર્થનો નાશ થઇ અસદ્‌ગતિ થાય છે. તેજ મન ભગવાનમાં લાગે તો સુખ ને જ્ઞાન આપે છે. શરીર તથા આત્મા મીત્ર પેઠે સ્વાધીન છતાં ને ભગવાન સન્મુખ, હિતકર, આત્મા રૂપ ને સુખસેવ્ય છતાં ભક્તિ ન કરીને નિચ વાસનાવાળા લોકો નીચા અવતાર પામીને પોતાને હાથે જ મરે છે. બ્રહ્મવિદ્યા અને ભગવદ્ ધર્મ શીવાય સર્વોત્તમ ગતિ મળતી નથી તથા પરમાત્મા ઉપરના પ્રેમને લીધે જ બધું સારૂં લાગે છે ને સારૂં થાય છે. સર્વ વસ્તુઓના આત્મા ભગ-

વાનના શરણ વગર ભય મટતો નથી. ભગવાનમાં મન એક થાય એજ કલ્યાણનો ઉદય છે કેમકે સર્વ વસ્તુઓનું મુળ તેમનામાં જ રહ્યું છે. પોતે અભય છે ને ભક્તને અભય દેનારા છે. ભગવાને મીરાંબાઈ, દ્રોપદી, નરસિંહ મહેતો, તુકારામ, તુલસીદાસ, ધ્રુવ, પ્રલ્હાદ, સુદામા વગેરે હજારો ભકતોનાં નવાઇ લાગે એવાં ચમત્કારી કામો પણ ઘણાં ઘણાં કરેલાં છે તથા ભકતોને ઘેર અવતાર પણ ધર્યા છે ને જે જોઇતું હોય તે મળે એવી ગોઠવણ કરે છે ને રક્ષણ કરે છે. નિષ્કપટપણે સર્વાત્મભાવથી ભગવાનનો આશરો લીધો હોય તો દયા કરી પોતાની શક્તિ જણાવે છે ને તારે છે. જે તેમની સેવાને ઇચ્છે તે સઘળાં સુખ પામે છે. ખરી ભક્તિથી લગારે દુખ કે ભય રહેતાં નથી. પોતાનાઓનું જેણે રક્ષણ કર્યું છે એવા ભગવાન ભોગસંપત્તી, સિદ્ધીઓ, ને ભગવાનની સર્વે શક્તિઓ તે માગતા નથી તોપણ આપે છે. અમ્રત સમુદ્રરૂપ સ્વરૂપમાં રહેનારાઓ પાપ ને દુખથી છુટે છે. જેના પ્રભૂ રક્ષક નથી તેને જન્મ મરણાદિનો ભય છે. ભમરીએ ઘરમાં રોકી મુકેલો કીડો ભમરીના ધ્યાનમાં રહેવાથી ભમરી બની જાય છે તેમ જે વસ્તુમાં મન રોકે તે વસ્તુરૂપ થવાય છે. કીડો તેજ શરીરથી ભમરી બને છે ને ભગવાનનું ધ્યાન રાખનાર બીજા શરીરથી ભગવદરૂપ થઇ જાય છે. વૈશ્ય, શુદ્ર, સ્ત્રીઓ, નીચ વર્ણ ને ખરાબ સ્વભાવનાં માણસો પણ ભગવાનના ને ભકતોના સંગથી પવીત્ર ને જ્ઞાની થઈ પ્રભુને પામે છે. મનમાં ભગવાનને રાખવા એ સર્વે સાધન કરતાં વધારે ફળદાતા છે. બાળકને માબાપ તેમ સર્વને પરમાત્મા રક્ષક છે. તેમની ઇચ્છા જગતને કલ્યાણ ને સુખ આપવાની હોય છે. પણ ઝાડને છાંયડે બેશીએ તોજ તાપ મટે તેમ ભક્તિ જેટલુંજ ફળ મળે છે. ભક્તિરૂપી

અમૃત પીવાથી જ્ઞાન, સત્કર્મ, રાજનીતિ, વેપાર, ખેડ, આદી ઘણી જાતની આજીવીકાઓને ધર્મ, અર્થ, કામ, મોક્ષ જે ભગવાનનાંજ રૂપ છે તેમનેજ પોતાનો આત્મા અર્પણ કરવાથી તે કલ્યાણ કરવાની ઇચ્છા કરે છે. બ્રાહ્મણને જ્ઞાન, ક્ષત્રીને રાજ, વૈશ્યને ધન, ને શુદ્રને સુખ વગેરે ભક્તિથી મળે છે ને મુખ્ય કલ્યાણ તો મોક્ષરૂપે થાય છે.

ૐ ભક્તિનું સ્વરૂપ.

ભગવાનના ચરીત્રને જાણીને કેટલાક ભકતો મોક્ષ કે સ્વર્ગને ન ઇચ્છતાં તેવી શ્રેષ્ઠ શક્તિ માગે છે. એવા પરમેશ્વરનાં નામ, કામ ને રૂપગુણ સાંભળવા, જાણવા, ગાવા ને વીચારવાથી પવીત્ર ગુણો મનમાં લાગી જાય છે, એવા જ્ઞાનની ઇચ્છાથી, પવીત્ર કથા સાંભળવાથી કે વાંચવાથી, તેવા લોકોના સંગથી, પોતાના કલ્યાણનો વિચાર કરવાથી સંધ્યાદી તેવાં કામ કરવાથી, વિશ્વાસથી ભગવાનના ધર્મ પાળવાથી, ને ભક્તિમાં પ્રીતિ રાખવાથી જ્ઞાન થતાં અજ્ઞાન રૂપ શરીર મટી જાય છે. ભગવાનમાં મન લાગે એજ ખરી વિદ્યા છે ને જેથી ભગવાન રાજી થાય એજ સારૂં કામ છે. તેથી પ્રભૂના ચરીત્રને સંભારીને ભગવાનને પોતાના જીવ જેવા વહાલા, પુત્ર જેવા સ્નેહપાત્ર, ભાઇબંધ જેવા વિશ્વાસુ, ભાઇ જેવા હિતકારી, ગુરૂ જેવા જ્ઞાન દેનાર, એવા તેમના સ્વરૂપને દેખે ને તેમની સાથે વાતો કરે છે. શ્રીકૃષ્ણ ભગવાને ભક્ત ઓધવજીને કહ્યું છે કે મને સંભારતાં (યાદ રાખીને) બધાં કામ મારે સારૂ કરવાં, મન મને આપી દઇ મારા ધર્મ પાળવા, જ્ઞાનશક્તિનો આશરો લઇ

મારી પેઠે રહેવું, મારા ઓછવ ભજન કરવાં, ભકતોનાં જેવાં કામ કરવાં, સર્વ ઉપર ઇશ્વર બુદ્ધી ઉપજવા માટે મન, વાણી ને શરીરથી મારી ભક્તી કરવી, સર્વમાં અંદર બહાર મને જોવો, સર્વનું સારૂં ઇચ્છવું, જેમ જેમ મન ભક્તિથી શુદ્ધ થતું જાય તેમ તેમ હું તેના જોવામાં આવું છું તેથી તે હુંરૂપ થઇ જાય છે. તેથી ભક્તિવાળાનું ચિત્ત મારી પેઠે રહે છે. તે હુંરૂપ થઈ જાય તેજ જ્ઞાન કહેવાય છે. એવા મારા ધર્મમાં રહે તે આ શરીરમાં જ મને પામે છે. જગતના રાજથી પણ મારામાં જ સંપુર્ણ સુખ દેખીને સિદ્ધીઓ કે મોક્ષને ન ઇચ્છતાં ભક્તિને જ ઇચ્છે છે. તે ભક્ત કરતાં મોટા દેવ કે મારી મુર્તી પણ મને ઓછી વહાલી છે. દારૂ પી ગાંડા થયેલા ને પહેરેલા લુગડાનું ભાન ન રહે તેમ તે યોગી સુતેલો, બેઠેલો, ચાલતો પણ તે રૂપ રહે છે. ભોજનાદીક કામ કરે તેથી ભક્તને બંધન થશે એમ ન જાણવું, કેમકે તે સર્વાત્મરૂપે રહે છે, તેથી દેહ અને દેહનાં કામને દેખતો નથી ને દેખે તોપણ સાચાં માનતો નથી. જેમ ગંધ નાક પાસે એની મેળે જ આવે છે તેમ ભક્તિવાળું નિર્મળ મન પરમાત્માને એની મેળે જ પામે છે. તેથા પ્રભુ સાથે વાસ, રૂપ ને ઐશ્વર્યને પામે છે. વિદ્યા, ધન, દાન ને તપ કરતાં પણ વિશ્વાસથી કરેલી ભક્તિથી હું તેને વશ થાઉં છું. મારો ભક્ત કશી ઇચ્છા ન કરે તો મારા ધામને પામે છે. માટે સમદ્રષ્ટીવાળું મન મારામાં પેસાડવું. જગત મનથી ઉપજેલું છે, તમારામાં કલ્પાયલું છે, માટે તમે પોતે ઇશ્વર છો એવો નિશ્ચય કરો તો સઘળા દેવના પણ આત્મારૂપ થશો. જે શરીરમાં હું ને મારૂં કરી રહે છે તે ભગવાનને જાણ્યા વીના છુ-ટતો નથી. જાણીને અર્પણ કરેલાં કામ મુક્તી આપે છે કેમકે તેથી જીવને દેહની વાસનાઓનો સંબંધ રહેતો નથી. મનથી

ઉપજેલા આ જગતની સત્તા ને સ્ફુરણ ભગવાનનાં છે. તેથી જે જુદું જાણે છે, તે જન્મ મરણ પામ્યા કરે છે. સંપુર્ણ ભક્તિથી મન પરમાત્માને અર્પણ કર્યું હોય તેને પાપનું પણ ફળ ભોગવવાની જરૂર નથી, કેમકે તે પાપ કરતો જ નથી ને અજાણતાં થઇ જાય તો તેના હૃદયમાં રહેલા ભગવાન તે વહાલા ભક્તનો અપરાધ સહન કરે છે. પોતાની વહાલી વસ્તુઓ તથા સારાં કામ અનંત ભગવાનને આપી દઇ નિર્મોહ રહેવું. જગત ભગવાનનું છે, માટે સવ કામ ફળ સાથે તેમને અર્પણ કરી, તેમને શરણે રહેવું. સ્વધર્મનાં કામ કરી તેના ફળમાં અભિમાન ન રાખવું. મન, વચન ને કામ ઇશ્વરને અર્પણ કરવાં. સંસારનાં કોઇ કામની ઇચ્છા ન હોય ને ફક્ત એક જ બ્રહ્મમાં એકચિત્ત રહે તેને મોક્ષ મળે છે. પોતાનું બ્રહ્મસ્વરૂપ ભૂલી જવાતાં જન્મમરણ થયાં કરે છે. જન્મમરણથી છોડાવનારને સુખની ઇચ્છાથી ભજે તેની બુદ્ધી ઓછી જાણવી, કેમકે ઇંદ્રિયોનું સુખ તો ગમે તે અવતારમાં પણ મળે છે માટે અમૃત સમુદ્રને છોડી ખાબોચીયું કોણ ઇચ્છે? મનના હજારો વીચારો પ્રગટે છે તે મટે તો મન મોક્ષરૂપ થાય છે. એક ઘડો ફુટતાં તેમાં રહેલું અનાજ બીજામાં ભરીએ તેમ બીજું શરીર મળે છે. પણ ઠાલો ઘડો ફૂટવા પેઠે ભક્ત મોક્ષ પામે છે. જ્યારે સૃષ્ટીનો નાશ થાય છે ત્યારે જીવો પોતપોતાની અજ્ઞાનરૂપ વાસના સાથે ઉંઘે છે. તેથી ઉત્પત્તી વખતે દેહ ધરે છે પણ મોક્ષ દશામાં ભગવાનમાં જ મળી જવાથી નામરૂપ વગરનો જ થાય છે. આ સંસારરૂપ ઝાડનાં ઇચ્છાઓરૂપ મુળીયાં છે, ગુણરૂપ થડ છે, પંચભૂતરૂપ ડાળાં પાંચ છે, ઇંદ્રિયોરૂપ રસ છે, સુખદુઃખ બે ફૂળ છે. આ ઝાડ સુરજના અજવાળા જેવડું લાંબું પહોળું છે. દુખફળને પાપી માણુસો ખાય છે ને સુખફળને ભક્તો

ખાય છે. આ માયારૂપ ઝાડમાં જીવ ને ઇશ્વર બે પંખીરૂપ છે. જીવ શરીરરૂપ ફળને ખાય છે ને ઇશ્વર શરીરરૂપ ફળને ખાતો નથી. પોતાના બ્રહ્મસ્વરૂપથીજ ધરાયલો રહે છે ને જીવના શરીરને ન ભોગવનાર હોવાથી સર્વજ્ઞ છે. તે પોતાને જાણે છે ને જીવને પણ જાણે છે. પણ જીવ પોતાને ને ઇશ્વરને ભૂલી જાય છે માટે જીવને સૃષ્ટીનું બંધન છે ને ઇશ્વર સ્વતંત્ર છે. માટે જ્ઞાનીઓ શરીરમાં છતાં શરીર વગરના જેવા રહે છે. જાગવું, સ્વપ્ન ને ઉંઘવું એ મનની બુદ્ધીની દશાઓ છે પણ સર્વાત્મરૂપ પરમાત્માની નથી. સર્વાત્મક દર્શનથી દેહાભીમાન નાશ પામે તો કરેલાં કામનાં ફળ આ એકજ શરીરમાં ભોગવી પછી દેહ ધરતો નથી. પચીશ તત્વોને બદલે પંચભુત, જીવ ને ઇશ્વર એમ સાત અથવા પાંચભૂત ને ઇશ્વર એમ છ કહી શકાય અથવા પૃથ્વી, પાણી, તેજ ને ઇશ્વર એમ ચાર પણ કહી શકાય. તે પરમાત્માની શક્તિથી ઉત્પન્ન થાય છે ને પાછા મળી જાય છે. તેને ઉપજાવનાર અને જાણનાર પરમાત્મા એક રૂપ રહે છે માટે દેખાડનાર, દેખનાર ને દેખાનાર તે એક શીવાય બીજું નથી એવો વિશ્રામ રાખવો. શાન્ત શક્તિવાળા પરમાત્મા સૃષ્ટી પહેલાં જેવા હતા તેવા જ સર્વાત્મ સ્થીતીથી ઉત્પત્તી, સ્થીતી ને લય કરનાર છતાં માયામાં ને માયાની દશે દિશાએ અકર્તા જેવા રહ્યા છે. તેથી મહાપુરૂષો નિરીચ્છાવાળા રહીને એકચીત્તે ભક્તિ કરે છે. સુખ, દુખ, ભૂખ, તરસ, જન્મ, મરણ વગેરેથી ન મુઝાતાં ભગવાનમય રહેવું જોઇએ. જેનું મન સ્ત્રીમાં રહે તેનું તપ, વિદ્યા, સંન્યાસ ને એકાંતથી શું વળે? દોરડીને સાપ સમજે તેમાં દોરડીનો દોષ નથી પણ જોનારનો જ અપરાધ છે. ચામડું, માંસ, લોહી, હાડકાં, નસો, મેલ ને દુર્ગંધવાળા શરીરમાં રમનાર તે વીષ્ટા ને પરૂમાં રમનાર કીડા જેવા છે. દેહ છેવટે કીડા,

વીષ્ટા કે ભસ્મ થશે. કાચ્ચા યોગી યોગભ્રષ્ટ થાય છે પણ છેવટે યોગનોજ માર્ગ પકડે છે. યોગનાં વીઘ્નો ને આસન, ધારણા, મંત્ર, તપ, ધ્યાન, કિર્તન, યોગેશ્વરોનો સંગ, ઔષધ વગેરે ઉપાયોથી મટાડવાં. અભ્યાસથી બ્રહ્મવીદ્યાનું ગ્નાન થઇ બધું બ્રહ્મરૂપ જણાય છે. મરણ વખતે હું છું તે મહાબ્રહ્મ છે ને મહાબ્રહ્મ છે તે હું છું. શરીર તથા જગતને આત્માથી જુદાં ન દેખતાં તે પરમેશ્વર બ્રહ્મનું સર્વાત્મક એક અખંડ રૂપની સમાધી પુર્ણ સુખ વાળી ને બીજામાં ભાવ ન રાખનારી રાખીને તેવા શ્રી ભગવાનમાંજ મન મેળવીને સત્ય મોક્ષ રૂપ બ્રહ્મનું ધ્યાન ધરવું. તેથી પરમાત્મામાં સમાઇ જવાય છે.

ૐ મોક્ષસાર.

શ્રી યોગવસીષ્ટ સાર ગીતામાંથી.

રાગ—ચોપાઇ.

જગત સર્વ તે બ્રહ્મ પ્રકાશ, એક અદ્વૈત શાન્ત અવિનાશ.
ગ્નાનીને વીશ્વ આનંદરૂપ, બધે દેખે બ્રહ્મ સ્વરૂપ.
વ્યાપક બ્રહ્મ પરમાત્મા જેહ, સર્વ સામર્થ્ય રૂપી આ તેહ.
વિશ્વ બ્રહ્મમાં ઉપજે શમે, બ્રહ્મરૂપથી બ્રહ્મમાં રમે.
જગત સર્વ પુરણ બ્રહ્મ જોય, બીજા ભાસે ન ક્યારે કોય.
પંડીતને પરમાનંદ હોય, તે બધે એકાત્મા જોય.
જે જન પામ્યો પરમાનંદ, કો કાળે દેખે નહિ દ્વંદ.
શુદ્ધ સર્વ છે આત્મારામ, તે વણ ઠાલો નહિ કો ઠામ.

સાધુને મન જગ એ બ્રહ્મ, સ્વપ્ને પણ ન ભાસે ભ્રમ.
બ્રહ્મજ્ઞાને સર્વમય બ્રહ્મ, કો કાળે ભાસે નહિ ભ્રમ.
અમ્રત સાગર બ્રહ્મ નિર્વાણ, વીશ્વ વીલાસ લેહેરી જાણ.
તરંગફેણ બરફ અનંત, જળથી જુદાં કહે નહિ સંત.
સમુદ્ર લહેરી એકજ રૂપ, તેમ જીવ છે બ્રહ્મસ્વરૂપ.
નામ માત્ર તે કહીએ જીવ, સર્વ નીરંતર વ્યાપક શીવ.
પીંડ બ્રહ્માંડ બ્રહ્મ વીલાસ, બ્રહ્મે ઉત્પત્તી બ્રહ્મે સમાસ.
બ્રહ્મરૂપથી બ્રહ્મમાં રમેં, ફરી ફરી ઉપજે ફરી ફરી સમે.
તે વીના ઠાલો નહિ કો ઠામ, તેહ તણાં સરવે રૂપ નામ.
ગુણ દોષ હ્રદયાથી તજો, આત્મા જાણી સૌને ભજો.
બ્રહ્મા આદે કીટ પર્યંત, દેખો પ્રગટ શ્રી ભગવંત.
સર્વાત્મા બ્રહ્મ સર્વાવાસ, આનંદ પુરણ સર્વની પાસ.
બ્રહ્મરૂપ પરમેશ્વર જેહ, પ્રગટ પ્રકાશ બધે આ તેહ.
વીશ્વ તેહમાં વીશ્વે તેહ, સદા સર્વદા આશ્રય એહ.
અખંડને ખંડીશ માં તાત, સર્વ એકજ બ્રહ્મ સાક્ષાત.
સરવ સંસાર છે બ્રહ્મરૂપ, છે પરમેશ્વરનું આ રૂપ.
સર્વ ભૂતને બ્રહ્મજ કહો, બ્રહ્મભાવ હ્રદયમાં ગ્રહો.
યત કિંચીત પદારથ તાત, તે સરવે છે બ્રહ્મ સાક્ષાત.
બ્રહ્મસ્વરૂપ ભાસે સંસાર, મનોવૃત્તી હોય બ્રહ્માકાર.
જેવું મન તેવું જગ હોય, એક મને જુદાં નથી કોય.
છે શીવ શાન્ત ને અચળ સ્વરૂપ, તે મધ્યે આ સરવે રૂપ.
વીશ્વ સરવ છે આત્મ વીલાસ, સરવે કેવળ બ્રહ્મ પ્રકાશ.
સ્થંભવીના પુતળી નવ હોય, સ્થંભ રૂપ તે જાણો છોય.
વીશ્વ એમ તે બ્રહ્મથી જાણ, બ્રહ્મ વિષે વર્તે નિરવાણ.

વીશ્વ નામ માત્રે છે તાત, સત્ય એક તે બ્રહ્મ સાક્ષાત.
એક અનેક અનેક જ એક, એવો જાણો આત્મવીવેક.
જગત સહિત રહીત તે રામ, જ્ઞાની પેખે પુરણ ધામ.
હોય વિષયતૃષ્ણાનો નાશ, મુકતી આવે તેની પાસ.
વીષય વાસનાનો લય હોય, જીવન્મુકત કહીયે નર સોય.
થાય વાસનાએ ઉંચ નીચ, જાય વાસનાએ દશ દીશ.
બ્રહ્મવીદ તે જાણો રામ, જેને છે નહિ તૃષ્ણા કામ.
નીરવાસન ચીત્ત જ્યાં તાત, પુરણું બ્રહ્મ છે તે સાક્ષાત.
વિષય તણો સંકલ્પ જ નહિ, મુક્તીનું સુખ ભોગવે સહી.
અન્ય વાસના સઘળી ટળે, બ્રહ્મભાવમાં જો મન મળે.
તે વૈષ્ણવ તે જાણો સંત, ફક્ત બ્રહ્મ વીષે જેનું ચીત્ત.
જ્ઞાની કયાંય આશક્ત ન હોય, આત્મલાભથી પુરણ સોય.
કિંચીત વીષય તણું નહિ ધ્યાન, અનુભવે કેવળ બ્રહ્મજ્ઞાન.
તે જ્ઞાનીને લાગુ પાય, જેની વીરૂધ નહિ જગરાય.
દેહ ભાવ તે મનથી ટાળ્ય, કેવળ બ્રહ્મ નીરંતર ભાળ્ય.
બ્રહ્મભાવે મનનો લય થાય, સર્વ મનોરથ પુરણ થાય.
બ્રહ્મભાવે મન બ્રહ્મમાં ભળે, જન્મ મરણ સંશય સૌ ટળે.
એક ચીત્તથી સિદ્ધી હોય, જે સરવે એકાત્મા જોય.
અહમાત્મા પરમાત્મા રામ, જ્ઞાનમુર્તી સર્વાત્મા ધામ.
આપોઆપ સ્વયંપ્રકાશ, સર્વ નીરંતર સર્વા વાસ.
સત્ય સ્વરૂપ સદા છે જેહ, તે તે હું ને હું તે તેહ.
ભાસે બ્રહ્મજ સાક્ષાત્કાર, ચીત્ત પામે વીશ્રામ અપાર.
સંકલ્પ સર્વે પામે શાન્ત, બ્રહ્મભાવ છે એ સિદ્ધાંત.
શીલા પેઠે રહે છે સ્થીર, આત્માર્ણવ અતી ગંભીર.

મન તે અમન કરો તમે રામ, સેવો નીજ ચીદાનંદ ધામ.
આત્મા પરમાત્મામાં મળે, સોહં આત્મા સર્વ સ્થળે.
કરતાં આત્મા તત્વ વીચાર, મનોવ્રતી હોય બ્રહ્માકાર.
અતી જ્ઞાન તણે અભ્યાસે, અહંમમત્વનો નાશ થાશે.
આત્મા પરમાત્મામાં મળે, બ્રહ્માકાર રહે સૌ સ્થળે.
બ્રહ્મસમ્યક તે જાણો રામ, અખંડ સમાધી તેનું નામ.
ધ્યાન ધારણા કરતાં કામ, ચંચળ ચિત્ત તે આવે ઠામ.
સર્વે શક્તિ મન જીતે હોય, રીદ્ધી સિદ્ધી નીધી પામે સોય.
સમદર્શી જન કહીયે તેહ, સઘળે આત્મા જાણે જેહ.
બ્રહ્મા વિષ્ણુ રૂદ્રાદિક દેવ, કૃપા કરે તે અવશ્યમેવ.
સર્વ કલ્યાણ સદાય એને, મન તૃષ્ણાને કામ ન જેને.
નિર્મળ શાન્ત સદા સ્થીર મંન, જીવન મુકતનાં એવાં ચિન્હ.
શુદ્ધ ધ્યાન છે તેનું નામ, સર્વમાં દેખે આત્મારામ.
જ્યાં જોઇએ ત્યાં આત્મારામ, આત્મા વીના ઠાલો નથી ઠામ.
ચીદાનંદ સોહં બ્રહ્મ જેહ, ઉત્તમ ધ્યાન ચિંતન છે તેહ.
અંતર કૃત્ય રહીત તે ધીર, સહજ સમાધ્યે વીચરે વીર.
દોષ બુદ્ધી જ્ઞાની પરહરે, જ્ઞાની સર્વને હિત આચરે.
જ્ઞાની કામ સારાં કરે સર્વ, ધર્મ કર્મનો કરે ન ગર્વ.
તેના ફળને ઇચ્છે નહિ, બાળક દશા જ્ઞાનીએ ગ્રહી.
જીવન્મુક્ત યોગેશ્વર તેહ, કર્મ કરે પણ એવો જેહ.
બ્રહ્મ વીચાર સદાય જેને, બ્રહ્મ સ્વરૂપ કહીએ તેને.
ફક્ત બ્રહ્મ છે મનમાં જ્યારે, મોક્ષ ધામ છે તે તો ત્યારે.
મન સંકલ્પ તે સંસાર, નિસંકલ્પ મન બ્રહ્માકાર.
તે યોગી પરમેશ્વર બ્રહ્મ, જેનો કેવળ આતમ ધર્મ.

નિર્મળ નર નારાયણરૂપ, નીજ ધામ પામ્યો તે ભૂપ.
બ્રહ્મ વીષે નિશ્ચળ થઇ રહે, અહં બ્રહ્મ સર્વ બ્રહ્મ કહે.
કેવળ બ્રહ્મનો કરે ઠરાવ, કેવળ બ્રહ્મ વીષે એક ભાવ.
ફક્ત બ્રહ્મતણું છે ધ્યાન, તેનું નામ તે આતમ જ્ઞાન.
બ્રહ્મ જ્ઞાને મુંક્તી તો હોય, વેદ વાકય કહે સત્ય સોય.
કેવળ બ્રહ્મ નીરંતર જોઇ, બંધ મુક્તી દેખે નહિ કાંઇ.
બંધ મુક્ત કોને કહું નામ, બ્રહ્મ વીના ઠાલો નહિ ઠામ.
સર્વ નીરંતર બ્રહ્મ જે જોય, જીવન્મુક્ત યોગેશ્વર હોય.
હું તું તજી જુએ એક રૂપ, નિર્મળ નિશ્ચળ બ્રહ્મસ્વરૂપ.
અહં બ્રહ્મ સર્વ બ્રહ્મ જોય, મન મરે પરમ સુખ હોય.
વ્યાપક શુદ્ધ પરમપદ રામ, રહે નિરંતર તે નીજ ધામ.
સર્વે નીરંતર જાણે બ્રહ્મ, સર્વે એકાત્મા નિષ્કર્મ.
બ્રહ્મ અવસ્થા પેખે જેહ, પુર્ણાનંદ ઘનામૃત તેહ.
વ્યાપક એકજ આત્મારામ, નિર્મળ નિશ્ચળ પુરણ ધામ.

ૐ ગુણ

સર્વના આત્મારૂપે તે પરમાત્મા છે. તે સુર્યના તેજ પેઠે વ્યાપીને દશે દિશાએ સરખી રીતે રહેનાર, જગતરૂપ મુર્તીવાળા જગતરૂપ શરીરનો નાશ થયા છતાં આકાશની પેઠે નાશ થતો નથી એવા, જેના રૂપમાં આ બધું જગત દેખાય છે એવા, જેની આ માયા-શકિત પ્રલયકાળે સુઇ રહે છે ને સ્રષ્ટીકાળે જાગી જગતરૂપે થાય છે એવા મનથી જગતને રચનાર, સર્વ રૂપથી રહેનાર, વધારા ઘટાડા

વગરના, પુર્ણ રૂપ, મોટા બ્રહ્મ, મહાપુરૂષ, સ્વયંપ્રકાશ, જ્યોતીરૂપ બ્રહ્માંડરૂપી દેશમાં રહેનાર, પાંચ ઇંદ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ વીષયો, પાંચ ભૂત ને અહંકાર, મન, પ્રકૃતી, પુરૂષ, મહતત્વ એ પચીશ તત્વો-વાળા, એવા આ પોતાના સ્વરૂપથી રમનાર, અને તેમાં પોતાનું મા-નનાર આત્માઓને નીયમમાં રાખનાર, જેનાવડે વાયુ, સુર્ય, મેઘ, અગ્ની, મૃત્યુ વગેરે પોતાનાં કામ કરે છે એવા, આ સૃષ્ટી ચાલતી છતાં પોતાના સ્વરૂપમાં ઉંઘેલા જેવા, એટલે સૃષ્ટીના કર્તા, ભોક્તા, સુખી, દુઃખી આદી ગુણો છોડી દઇ એક સર્વાત્મભાવે રહેનારા, અપાર સમદર્શનમય, નિર્ગુણ તથા સગુણમય, સ્થીર, જ્ઞાનરૂપ, પોતાના આ-નંદમાં રહેનાર, બધાં સુખ, ઇંદ્રિયો ને વિશ્વ જેમાં રહેલું છે એવા, સર્વ શક્તી ધરનાર, જ્ઞાન અજ્ઞાન ઉત્પન્ન કરનાર, ઘણી શક્તિવાળી માયાના ગુણો ધરનાર, સર્વ જાતની શ્રેષ્ઠતા ઉપજાવનાર, સંસારના કાંઇ પણ દુઃખ વગરનાં જ, જ્ઞાન, વીચાર ને કામનાં સુખવાળા, અનાજથી થતાં શરીર, ઇંદ્રિયો ને મનના બળરૂપ, અનંત બળ પરાક્રમવાળા, ઘણાં રૂપવાળા, ઇંદ્રિયોને રાજી કરનાર, સર્વને તૃપ્તી આપનાર, જીવોમાં રહી સુખ દેવા જુદાં જુદાં શરીર કરનાર, સર્વને નિયમમાં રાખનાર, જેને કોઇ વહાલો નથી ને અળખામણો નથી તોપણ પાપીને શીક્ષા કરનાર, ને ભક્તોનું રક્ષણ કરનાર, સારાં ખોટાં કામનું સારૂં ખોટું ફળ આપનાર, સ્વર્ગ, નર્ક ને મુક્તીરૂપ, સર્વ કામનાં ફળ આપનાર, જગતનું રક્ષણ કરનાર, સર્વ સારા ગુણવાળા, લોકને શીખામણ દેવા સારૂ સર્વ ધર્મોને ચલાવનાર, સર્વ જીવોને જાણનાર, ગરીબપર દયા કરનાર, ઇંદ્રિયોને વશ રાખનાર, સર્વના ધણી, જે જોઇએ તે આપનાર, સર્વના આત્મા, સુંદર શરીર, લાંબુ આયુષ્ય, અતિ લક્ષ્મી, સ્વર્ગ, પૃથ્વી કે પાતાળનું રાજ્ય, સિદ્ધીઓ, ધર્મ, અર્થ, કામ, મોક્ષ ને

જ્ઞાનાદિ દેનાર, ગાય, બ્રાહ્મણ, ભક્ત, દેવ વગેરેનું રક્ષણ કરવાની ઇચ્છાથી અવતાર ધરનાર, અથવા અંશાવતારરૂપ કોઇમાં શક્તિ મુકનાર, સર્વજ્ઞ ધર્મરૂપ, પવીત્ર આત્માઓમાં રહેનાર, ભક્તિરૂપ શરીરવાળા, ભક્તપર કૃપાવાળા, ભકતોનાં રૂડાં ચરીત્રોવાળા, ભકતોમાં વસેલા, દેવ, રાજા કે લક્ષ્મીપતીઓ કરતાં પણ ભકતોને વશ રહેનાર, ભકતોને દર્શન દેનાર, ભકતોને સ્વરૂપ તથા જ્ઞાન આપનાર, સ્વધર્મ પાળનારા ભકતોને અભય દેનાર, પોતામાં સુતેલાઓનો માયાનો ભય મટાડનાર, જ્ઞાનીઓના અધીપતી, સંન્યાસીઓના ધ્યાનમાં સ્વરૂપની સમાધીના સુખવાળા, મોક્ષ દેનાર, ધ્યાન કરવા લાયક, સદાય સર્વ સુખવાળા, બીજાના આધાર વગરના, જગતના આધાર, અનંત ગંભીર, સર્વના પ્રીય મીત્ર, મહાદયાળુ, ખરી રીતે બધું જગત આપનું સ્વરૂપ છે એ સાચી વાત છે માટે હે સર્વના આત્મા, સર્વ જાણનાર, ને શરણાંગતોનું સારૂં કરનારા, આપમાં અમે મન રાખનારા, તમારા, તમને નમેલા, ને તમારા કરેલા અમે છીએ માટે સર્વનું રક્ષણ કરો છો, તોપણ સુખની ઇચ્છાવાળાને તેનો ઇષ્ટદેવ સુખ જ આપે તો તે મુર્ખ છે. કેમકે સારો વૈદ્ય ગમે તે ખાવા ઇચ્છતા રોગીને ખરાબ વસ્તુઓ ખાવા દે નહિ તેમ ખરા કલ્યાણને જાણનાર, આપ વિદ્વાન છો તેથી ભક્તિરૂપ દવા પાઇને દુખરૂપ રોગને મટાડો છો.

૩૭ આશ્રમ ધર્મ.

પ્રથમનાં પચીશ વર્ષ પ્રીતિથી ગુરૂ પાસે વિદ્યા ભણવી. શુદ્ધતા, સ્નાન, સંધ્યા ને મન, વચન ને કાયા વશ રાખી સર્વમાં ઇશ્વરબુદ્ધી

રાખી શાસ્ત્રનો વિચાર પુરો કરવો. કદી વીર્ય ખેરવવું નહિ. પછી ઇચ્છા હોય તો ગૃહસ્થાશ્રમ માંડવો. ગૃહસ્થે મનમાં વૈરાગ્ય ને ઉપરથી ઉદ્યમ કરવો. યોગ્ય ધંધાથી જે ધન મળે તે પોતાના ને બીજાઓના સુખ માટે વાપરવું. માબાપને દેવ જેવાં ગણવાં. મન વચન ને કાયાથી બનતાં સુધી કોઇને દુખ ન દેવું. પોતાના ધર્મને હરકત થાય તે ધંધો તજવો. દુર્ગુણ રૂપી શત્રુઓ પાપના ફળમાં નાખે છે માટે તેમને ભક્તિથા જીતવા. પાપ કરી કુટુંબનું પોષણ કરવાથી એકલા પોતાને જ તે પાપ ભોગવવું પડે છે. અતી લોભી માણસને ધનથી હિંસા, જુઠ, ચોરી, કામ, ક્રોધ, અભીમાન, સ્પર્ધા, વેર, જુગાર, ને વ્યસન થઇ જીવતાં ને મુવા પછી પણ દુખ થાય છે. તે ધન સત્પુરૂષોને ધર્મ, અર્થ, કામ, મોક્ષ ને સ્વર્ગાદી આપીને અહીં ને પરલોકે સુખ આપે છે. અતી સુખ ભોગવવાથી પુણ્ય ઓછું થાય છે ને પુણ્યનાં કામોથી પાપને જીતાય છે. માટે જ્ઞાન, ભક્તિ, ધર્મ, અર્થ, કામ, ને મોક્ષ આપનાર મનુષ્યનો જ દેહ છે તે મરણ પામતાં પહેલાં પોતાનું કલ્યાણ કરી લેવું. અસતી સ્ત્રી, કપુત પુત્ર, અધર્મનું ધન, ઇશ્વરના ગુણ ન બોલનારી વાણી, ને સર્વાત્મામાં સ્થીર ન કરેલું અશાન્ત મન જેને હોય તેને દુખીયો જાણવો. ઘણા કડવો, ખાટો, તીખો, ખારો, ઉંનો, વહેલાંનો રાંધેલો ને સ્વાદ શીવાયનો સાદો ખોરાક, શુદ્ધ પાણી, શુદ્ધ હવા, સારો વખત, સારે ઠેકાણે વાસ, સારાં પુસ્તકો, સારા વીચાર, સારાં કામ, સારાનું ધ્યાન, ને જેને સારા લોકો વખાણે છે તે સેવવાથી જ્ઞાન, ભક્તિ, ધર્મ, આયુષ્ય બળ, સુખ, નિરોગીપણું ને પ્રેમનો વધારો થાય છે. સુર્યથી તો આંખ્યોવડે દેખાય એટલુંજ પણ સંત તો સગુણ નિર્ગુણ જ્ઞાનરૂપ મોટી આંખ્યો આપ ઘણું દેખાડે છે. જગતને પોતા રૂપ તથા ઇશ્વિરરૂપ જોનાર, સર્વના શાન્તમીત્ર

સત્યના બળવાળા, જ્ઞાન દેવામાં ચતુર, હલકા જીવોપર દયાળુ, સરખા સાથે મીત્રતા, ઉત્તમ આગળ નમ્રતા, શરીર શુદ્ધ, મન પવીત્ર, સ્વધર્મમાં પ્રીતી, સ્ત્રી, પુત્ર, ઘર ને સર્વ જગત ઇશ્વરનું જાણે ને પાણી, પૃથ્વી, ઝાડ, પર્વતો વગેરેની પેઠે દુનીયાંને ઉપયોગી થઇ પ્રભુના સેવક રૂપે કામ કરે એવા દોષ વગરનાને જ્ઞાન જાણવાના દર્પણરૂપ ભક્તો જગતનું કલ્યાણ કરનારા છે. કેમકે દેવની ઓળખાણ ને સિદ્ધી જ્ઞાનના આધારે છે. ભક્તિમાનને જેવું ધર્મજ્ઞાન હોય તેવું બીજાને ન હોય. સમતા ને સદાચારવાળા ભક્ત જ્યાં અવંતરે તે કુળની પણ પવીત્ર ગતી થાય છે.

દોહરો.

મનમાં મહાપ્રભુ ધરી, કરવાં સરવે કામ;
એવા જે હરીભક્ત છે, જ્ઞાની તેનું નામ—

ધર્મમાં રહેનાર, ઘરમાં આસકતી ન રાખનાર, ને ભક્તિ કરનાર ભક્તને સંન્યાસી થવાની જરૂર નથી. સર્વ કામનાં ફળ પ્રભુને આપીને ધર્મ પાળવાથી ગૃહસ્થને પણ સંન્યાસીનું ફળ મળે છે. ભક્તિ, સ્નેહ, ભય, વેર ને કામ એ પાંચમાંના એકથી પણ ભગવાનનું સ્મરણ રહે તો તે રૂપને પામે છે. તેવી ભક્તિથી ગૃહસ્થાશ્રમના ધર્મ પાળવાથી યોગ કર્યા વગર પણ યોગનું ફળ થાય છે. ગૃહસ્થાશ્રમ ન પાળતાં યોગ્ય વખત વીના સંન્યાસી થાય તો નીચા અવતારમાં જાય છે. મન શુદ્ધ ને જ્ઞાની થયું હોય ને સંન્યાસી થવું હોય તો બધી ઇચ્છાઓ છોડી દઇ પ્રજાપતી ભગવાનનું ધ્યાન ધરી લંગોટી, એક વસ્ત્ર ને કમંડળ શીવાય કાંઇ પાસે રાખવું નહિ. આત્મામાં રમવું. સમદર્શન, નિર્ભયતા ને અસંગી-

પણું રાખવું. ઇંદ્રિયોમાં મન એ બંધન છે ને ભગવાનમય મન સ્થીર કરે તે મોક્ષ છે માટે હલકી બાબતો છોડી દઇ અનંત આત્મસુખમાં રહે તેવો પરમહંસ થવાથી મોક્ષની પણ ઇચ્છા રહીત, વીવેકી છતાં બાળક જેવો, ડાહ્યો છતાં જડ જેવો, મીથ્યાવાદ, પક્ષ કે ઢોંગ ન કરનાર, કોઇને અડચણ ન કરે, નિંદા વેઠે, આત્મા કે જે એક પરમાત્મા જ હોવાથી ચંદ્રમા જળપાત્રોમાં એકજ છે એમ રહે. ઉત્તમઘરેથી ભીક્ષા માગીને ખાય, ખાવા મળે કે ન મળે તેમાં મુઝાય કે રાજી થાય નહિ, પણ પ્રાણરક્ષણ માટે ભીક્ષા લે. કેમકે તેથી તત્વજ્ઞાન પાકું થતાં મુક્તી મળે. આદી, અંત, ભોગ્ય, ભોક્તા, ઉંચ નીચ, પ્રકાશ, અંધારૂં, શબ્દ, અર્થ, જ્ઞાન એ બધું વીશ્વરૂપ પોતાથી જુદું ન દેખવાથી સર્વાત્મક બ્રહ્મસુખમાં શાન્ત થઇ મનના વીચારો મટીને આત્મામાં એક થઇ ગયો હોય તે અખંડ પરમાત્માના અવીનાશી સુખ સ્વરૂપને પામે છે. તે શીવાયના સન્યાસીઓ ભગવાનને ઠગનારા જાણવા.

ૐ રાજધર્મ.

રાજા પ્રજાના પીતા જેવો, જ્ઞાનીના દાસ જેવો, ઇશ્વરના અંશ જેવો, ભલપણથી ચંદ્ર જેવો, પરાક્રમથી સુર્ય જેવો, સહનશક્તિથી પૃથ્વી જેવો, મનુષ્યોને ઇચ્છીત આપવાથી સ્વર્ગ જેવો, તૃપ્તી આપવાથી મેઘ જેવો, ગંભીરાઇથી સમુદ્ર જેવો, ધીરજથી પર્વત જેવો, શીક્ષા કરવાથી યમ જેવો, ભંડારથી કુબેર જેવો, સર્વ ઠેકાણે ફરવા ને જાણવાથી વાયુ જેવો, માણસોપર પ્રીતીથી મનુરાજા જેવો, પ્ર-

ભુપણામાં બ્રહ્મા જેવો, જીતેંદ્રિયપણાથી વીષ્ણુ જેવો, સત્પુરૂષોમાં રામ જેવો, સત્પુરૂષોની સભાનો આગેવાન, સત્પુરૂષોનો સેવક, સર્વ લોકોનું માનપાત્ર, દેવ, મનુષ્ય, પશુ, પક્ષી, ઝાડ ને ખડરૂપ જગતને પ્રસન્ન કરનાર, ને કર, દંડ વગેરે રાજાઓની આજીવીકાઓ બીજાંઓને પીડા કરનાર છે માટે કોમળ કર લેનાર, લોકપાલ, દેવોના ગુણો ધરનાર, ધર્મના કાયદાનું સુધારી રક્ષણ કરનાર, ધર્મ પાળનાર, પળાવનાર, ધર્મના શત્રુઓને શીક્ષા કરનાર, કેમકે ધર્મની વાતો શીખવનાર, સન્મતી આપનાર, આજ્ઞા કરનાર, તથા શીખનારને સારૂં ફળ દેનાર છે. સુર્ય પેઠે આઠ માસ જળ એંચી, ચોમાસે પાછું દેવા પેઠે કોમળ કર લઇ દુકાળ વગેરેમાં આપનાર, મેઘ પેઠે જીવવાનાં સાધનો વધારનાર, શત્રુનો પુત્ર નીરપરાધી હોય તો શીક્ષા ન કરનાર ને પોતાનો પુત્ર અપરાધી હોય તો શીક્ષા દેનાર, નીયમ પાળનાર, આત્મજ્ઞાનનો વિશ્વાસુ, વૃદ્ધોનો સંગી, સર્વના શરણરૂપ, રાંક ઉપર પ્રેમી, પરસ્ત્રી મા જેવી ને પોતાની અડધા શરીર જેવી જાણનાર, ઉત્તમ મંત્રીઓની સલાહથી ધર્મને મુખ્ય ગણી, અર્થ ને કામ ગૌણ રાખી, કોઇમાં મોહ ન રાખી, પરમાત્માની આજ્ઞા પાળનાર, પ્રજાપાલન એ રાજાને મોટું પુણ્ય હોવાથી પ્રજાની રક્ષા કરવી, તેને આજીવીકા આપવી, યોગ્ય નીયમોમાં સર્વને ચલાવવા, અપરાધીઓને શીક્ષા કરવી. તેથી જેમ બીજા લોકો સત્કર્મથી સ્વર્ગાદિ પામે છે તેમ તે પામે છે. પ્રજાએ કરેલાં સત્કર્મોનાં પુણ્યમાંથી દશમો ભાગ રાજાને મળે છે પણ રાજા પ્રજાની રક્ષા ન કરતાં કર લે તો પોતાનું પુણ્ય પ્રજાને જતાં પ્રજાનું પાપ પોતાને લાગે છે.

દ્વારકાંના કેટલાક રાજકુમારો વાડીમાં ફરતા હતા. તેમણે પાણી વગરના કુવામાં એક ઘણો મોટો કાચંડો દીઠો. તેને દયાથી

બહાર કાઢતાં નીકળી શક્યો નહિ. તે વાત શ્રી કૃષ્ણજી પાસે કહ્યાથી પોતે આવીને હાથ અડાડતાંજ સોના જેવું શરીર, વસ્ત્ર ઘરેણાં ને માળાવાળો દેવ થઇ ઉભો રહ્યો. ભગવાન જાણતા હતા તોપણ બીજાઓને જાણવા સારૂ પુછ્યું કે આ દશા શાથી થઇ હતી. તે બોલ્યો કે “ હું નૃગ નામનો રાજા હતો. મેં ધરતીના કાંકરા, વરસાદનાં ફોરાં, ને આકાશના તારા જેટલી ગાયો, રૂપ, ગુણ ને દુધાળી, જુવાન, સોનાનાં શીંગડાં, રૂપાની ખરીઓ, વસ્ત્ર ને માળાથી શણુગારેલી, વાછડાંવાળી ને ન્યાયથી મેળવેલી તે તપ, વિદ્યા ને ગુણવાળા, ગરીબાઇથી પીડાતા ને બ્રહ્મ જાણનારં બ્રાહ્મણોને આપી હતી. પૃથ્વી, સોનું, રૂપું, ઘર, ઘોડા, રથ, હાથી, કન્યાંઓ, રત્નો, શય્યાઓ વગેરેનાં સુપાત્ર તથા ગરીબ લોકોને દાન કર્યા હતાં ને દુખ મટાડયાં હતાં. ભક્તી ને જળાશયનાં કામ પણ કરાવ્યાં હતાં. પણ એક બ્રાહ્મણની ગાય, મારી ગાયોમાં મળી ગયેલી તે મેં બીજા બ્રાહ્મણને દાનમાં આપી દીધી. તેથી તે લઇ જતો હતો. તે વખત તેનો માલીક જોઇને બોલ્યો આ ગાય મારી છે. પછી બંને જણ મારી પાસે આવ્યા. મેં હાથ જોડી કહ્યું કે આ ગાય મુકી દે, તને એક લાખ ગાયો આપું. ધણીએ કહ્યું કે હું દાન લેતો નથી ને બીજો આગ્રહથી બોલ્યો કે આ ગાય વીના બીજી મારે જોઇતી નથી. પછી બન્ને જતા રહ્યા. હું મરીને યમ રાજાની આગળ ગયો ત્યારે તેમણે પુછ્યું કે તારે પ્રથમ પુણ્ય ભોગવવું છે કે પાપ? તારા દાન ધર્મનો ને તેથી તને મળવાના સ્વર્ગનો હું પાર દેખતો નથી. મેં પ્રથમ પાપ ભોગવવા માંગ્યાથી તરત મેં મારા શરીરને આ કાચંડા રૂપ જોયું. હું આપનો દાસ હોવાથી આ વાત હજી ભૂલ્યો નથી. મને આપ પરમાત્માનાં દર્શન શાથી થયાં, હે સર્વ શક્તિવાળા, કા-

મનાં ફળ આપનાર, ઇંદ્રિયોના સ્વામી, સર્વના આધાર, હું જ્યાં હોઉં ત્યાં મારૂં ચીત્ત આપમાં રહેવું જોઇએ. હું પ્રણામ કરૂં છું. મને દેવલોકમાં જવાની આજ્ઞા આપો. તે વૈમાનમાં બેશીને ગયા પછી ભગવાને પુત્રોને શીખામણ દીધી કે રાજલક્ષ્મીથી આંધળા થયેલા જે રાજાઓ, બ્રાહ્મણો તથા ગરીબ લોકોના ધનની ઇચ્છા કરે છે તે નરકની જ ઇચ્છા કરે છે. મુર્ખપણાથી પોતાના કષ્ટને દેખતા નથી એવા રાજાઓ અને રાજાના આશ્રીત માણસોએ તેમની આજીવીકાનું હરણ કરવાથી સાઠ હજાર વરસ સુધી વીષ્ટામાં કીડા થાય છે, જે લોકોનું જીવવાનું સાધન અધર્મથી લઇ લેવાથી તે રોતા હોય તે આંસુના છાંટાઓથી જેટલાં રજકણ ભીના થાય તેટલાં વર્ષ તેઓ નરકમાં રહે છે ને એમના ધનની લાલચ રાખવાથી રાજાઓ થોડા આયુષ્યવાળા ને હારી જનારા થાય છે. આ નૃગ રાજાને અજાણતા પણ બ્રાહ્મણની ગાયે નીચ અવતારમાં નાંખ્યો. તેમ બીજાઓની દશા થાય માટે હું જેમ સાવધાન રહું છું તેમ તમે રહેજો કેમકે હું સર્વનો આત્મા છું. આ સર્વ જગત એ મારી મુર્તી, મારૂં શરીર અને મારૂં સ્વરૂપ છે, માટે સર્વનું દુઃખ મટે એ તમારૂં દુઃખ મટ્યું સમજજો. હું સર્વનો ઉત્પન્ન કરનાર, રક્ષણ કરનાર ને નાશ કરનાર છું. તેનો દ્વેષ કરનાર સુખ પામતો નથી જ. સહસ્ત્રાર્જુન, વેન, રાવણ, કંસ, નરકાસુર વગેરે રાજાઓ લક્ષ્મીના અભીમાનથી નાશ પામ્યા છે." જેમ અહિં રાજ તરફથી શીક્ષા થાય છે તેમ પ્રભુ તરફથી થાય છે. યમરાજા ઇશ્વરની શક્તિથી જીવની બધી વાતો જાણે છે. તેથી ત્યાં નરકના નીચા અવતારની શીક્ષાઓ થાય છે. બીજાઓને દુઃખ દીધું હોય તેમ તેને ભોગવવું પડે છે. એ દુઃખ ભોગવ્યા પછી માણસનો અવતાર ધરે છે અને પાછું પાપ

કે પુણ્ય પ્રમાણે અવતાર થાય છે. પુણ્યશાળી માણુસ સ્વર્ગના દેવલોકોમાં જાય છે. ત્યાં ઘણી જાતનું સુખ ઘણાં વરસ ભોગવે છે તેથી પુણ્ય ભોગવવું પુરૂ થતાં તે પણ મનુષ્યમાં અવતરે છે. માટે સદ્દગુણુ એજ સ્વર્ગને દુર્ગુણ એજ નરક છે. જેને દેહ છે તેને કામ કરવાં પડે છે. તેમાં ધર્મ, ધર્મ ને અધર્મ ને ફક્ત અધર્મ જેટલાં થાય તેટલું સુખ, સુખ ને દુખ ને ફક્ત દુખ ભોગવે છે. જે માણુસ હાલ શાન્ત ધાર્મીક ને સુખી હોય તે પાછલા અવતારમાં તેવો જ હશે ને હવે પછી એવો સારો અવતાર ભોગવશે. જે હાલ મુર્ખ, અધર્મિ ને દુખી છે તે ગયા અવતારે તેવો હશે ને હવે પછી તેવો જ થશે. અને ભક્તિવાળાનો સારે ઠેકાણે જન્મ થઇ જ્ઞાન પુરૂં થાય તો પરમાત્માના ધામ મોક્ષને પામે છે. માટે સર્વના આત્મારૂપ ભગવાનનો ભક્તિધર્મ બજાવી છેવટે આત્મારામ થઇ તેમને–એ પોતાના સ્વરૂપને પામવું જોઇએ અને પરમેશ્વર સર્વ જગત સર્વ જગતનું રક્ષણુ કરવાની ઇચ્છાથી અવતાર ધરે છે અથવા કોઇમાં શક્તિ મુકે છે. તેમ સત્યધર્મથી લોકોનું પોતાના આત્મા પેઠે રક્ષણુ કરવું જોઇએ. કેમકે પ્રજાના સુખને માટે જ રાજ્ય છે.

નમો સ્વનંતાય સહસ્ત્રમુર્તે, સહસ્ત્રપાદાક્ષી શીરોરૂબાહવે.
સહસ્ત્ર નામને પુરૂષાય શાશ્વતે, સહસ્ત્ર કોટી યુગ ધારણે નમઃ.
અનેક બાહુદર વક્ત્રનેત્રં, પશ્યામી ત્વાં સર્વતોનંત રૂપમ્.
નાન્તો ન મધ્યંન પુનસ્ત વાદિમ્, પશ્યામી વીશ્વેશ્વર વીશ્વરૂપમ્.
સર્વાત્મત્વ મહાવીભૂતી સહિતં, સ્યાદીશ્વર ત્વંસ્વતઃ.
સીધ્યે તત્પુનરષ્ટધા પરીણતં, ચૈશ્વર્યમવ્યાહતે.
મન્મનાભવ મદ્ ભક્તો, મદ્યાજીમાં નમસ્કુરૂ.

મામે વૈશ્યેસી યુક્તવૈવ, માત્માનં મત્પરાયણમ.
મત્કર્મ કૃત્મત્પરમો, મદ્ ભક્ત સંગ વર્જીત.
નીરવૈર સર્વભૂતેષુ, યઃસ મામેતી પાંડવ.
કૃષી ર્ભુવાચકઃ શબ્દો, નશ્ચ નિવૃત્તી વાચકઃ.
તયોરૈક્યં પરમબ્રહ્મ, કૃષ્ણુ મીત્યભીધીયતે.
રમંતે યોગીનોનંતે, ચીદાનંદેન આત્મની.
ઇતીરામપદેનાસૌ, પરંબ્રહ્માભીધીયતે.
એ કત્નાય ચ નાન, યેવી. દુર્યાતી તે પરગ.
સમત્ર મીહ ... કાંક્ષીત, ભકત્યા વૈનાન્ય ચેતસા.
યોસ્યો ત્પેક્ષક આદી મધ્યં નીધને, યોવ્યક્ત જીવેશ્વરો.
યઃસ્રષ્ટ વેદમનુ પ્રવીશ્ય રૂષીણા, ચક્રેપુરઃ શાસ્તીતા.
યંસંપદ્ય જહાત્યજા મનુશયી, સુપ્ત કુલાયં યથા.
તં કૈવલ્ય નીરસ્ત યોની મભયં, ધ્યાયેદજસ્ત્રંહરીમ્.
બ્રહ્માનંદં, પરમસુખદં, કેવલં જ્ઞાનમુર્તી.
દ્વંદ્વાતીતં, ગગન સદશં, તત્ર મસ્યાદી લક્ષમ.
એકં નીત્યં, વીમલમચલં, સર્વધી સાક્ષીભૂતં.
ભવાતીતં, ત્રીગુણ રહીતં, શ્રી સર્વાત્માનતાસ્મ ઇત્યાદી.

ભજન-રાગ-ધોળ-ભજનસાગરમાંથી.

ધન્ય ધન્ય એ સંત સુજાણુને, જેનું ઉલટી પલટયું આપ;
એવા જન હરી તણા.
આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરીનો વ્યાપ. એવા૦
જેના શીશમાં શીશ છે શ્યામનું, જેના નેણુમાં નાથનાં નેણ; એવા૦

જેના મુખમાં મુખ મહારાજનું, જેના વેણમાં વહાલાનાં વેણ; એવા
જેના કાનમાં કાન શ્રીકૃષ્ણના, જેના નાકમાં નાસીકા નાથ; એવા
જેની જીભ્યામાં જીભ્યા જીવનની, જેના હાથમાં હરીનો હાથ; એવા
જેના હૃદયમાં હૃદય હરી તણું, જેના પાવમાં હરીનો પાવ. એવ
જેમ હીરો હીરા વડે વેંધીયો, તેમ થયો તે સહજ સમાવ. એવા
એમ સંતમાં રહ્યા શ્રીહરી, માટે સંત તે સુખનું ધામ. એવ
ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન જે, તેને રહેવાનું સંત છે ઠામ. એવ
એવા સંત શીરોમણી કયાં મળે, જેણે દેહ બુદ્ધી કીધી દુર. એવ
કહે નિષ્કુલાનંદ એને સંગે, ઉગે અંતરે આનંદ સુર. એવા૦

સદગુરૂના તે શબ્દ વીચારતાં, મટે માયા મોહ વીકાર. હરી રસ પીજીએ.
બાળી ભસ્મ કરે બીજી વાસના, ઉર પ્રગટે પ્રેમ અપાર. હરી રસ૦
એવો અજર અમીરસ જેથી એ, તેનાં નેણાં વેણાં પલટાય. હરી૦
લાગી બ્રહ્મ ખુમારી ન ઉતરે, સુખ મુખે કહ્યું નવ જાય. હરી૦
તેને સંભવ નથી રે શરીરનો, થયો આતમ દ્રષ્ટે ઉઘાડ. હરી૦
મરજીવો થઈ હરીને મળે, ગળે જ્ઞાન હિમાળે હાડ. હરી૦
બ્રહ્મ જ્ઞાને ગગનવત થઇ રહે, જેમ કુંભ માહાજળ માંય. હરી૦
કૃષ્ણ પોતામાં પોતે શ્રી કૃષ્ણમાં, કૃષ્ણ વીના ન દીસે કાંઇ. હરી૦
જઇ સરીતા સાગરમાં ભળે, તેનું નામ નદી ટળી જાય. હરી૦
કહે પ્રીતમ સદગુરૂ સેવતાં, ટળે અંતર એક રસ થાય. હરી૦

જીરે સુંદર શ્યામ સોહામણો, જેને નિગમ નિરંતર ગાય. તેને૦
રે શીવ વીરંચી ને શારદા, રજ ચરણકમળ ચીત્ત ચહાય. તેને૦